Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુ.૩૬


પુસ્તક ૩૬

# શ્રી આત્માનંદ પ્રકાશ

વિક્રમ સંવત ૧૯૯૪-૯૫ સને ૧૯૩૮-૩૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુસ્તક ૩૬ મું

અંક ૧ લો

લવાજમ રૂ. ૧॥

# આત્માનંદ પ્રકાશ

પ્રકાશક–
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

For Private And Personal Use Only

# વિષય-પરિચય


૧ " શ્રી જૈન આત્માનંદ " નૂતન વર્ષાભિનંદન ( છોટમ અ. ત્રિવેદી ) ૧
૨ વર્ષારંભે માંગલિક પ્રભુ પ્રાર્થના ( રેવાશંકર વાલજી બધેકા ) ૨
૩ નૂતન વર્ષનું મંગલમય વિધાન ( માસિક કમિટી ) ૩
૪ આપણે છીએ કયાં ? ( પં. શ્રી સમુદ્રવિજયજી ) ૧૦
૫ માનવ જીવનની મહત્ત્વતા ( આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી ) ૧૧
૬ કવિ અને રવિ ( ડૉ ભગવાનદાસ મનઃસુખલાલ મહેતા ) ૧૨
૭ આપણા પર્વો ( મોહનલાલ દી. ચોકસી ) ૧૬
૮ પાંચ સકાર ( અભ્યાસી B. A. ) ૧[illegible]
૯ ભજન ( પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ ) ૨૩
૧૦ એક દાર્શનિક તીર્થસ્થાન ( રાજપાળ મ. વ્હોરા. ) ૨૫
૧૧ સદ્ગત ગીર્વાણવિજયજીને નીવાપાંજલી ( રેવાશંકર વાલજી બધેકા ) ૨૭
૧૨ પ્રવાહના પ્રશ્નો ૨૯
૧૩ સ્વીકાર અને સમાલોચના ૩૨


## નવા માનવંતા સભાસદો

૧ શેઠ કાન્તિલાલ ભગવાનદાસ લાઇફ મેમ્બર
૨ શેઠ હરિલાલ દેવચંદભાઇ વાર્ષિક મેમ્બર
૩ દોશી જાુઠાલાલ દામોદરદાસ "
૪ મણીયાર બચુભાઇ વૃજલાલ "
૫ શેઠ ભાઇચંદભાઇ દામજી વરલ "


### પરમાત્માના ચરિત્રો.

(ગુજરાતી ભાષામાં) તૈયાર છે.

૧ શ્રી નેમનાથ ચરિત્ર ૨–૦–૦
૨ શ્રી વિમળનાથ ચરિત્ર ૧–૧૨–૦
૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર, બે ભાગમાં ૪–૮–૦
૪ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ૧–૧૨–૦
૫ શ્રી મહાવીર ચરિત્ર રૂા. ૩–૦–૦
૬ શ્રી તીર્થંકર ચરિત્ર ( ચોવીશ જિનેશ્વરના સંક્ષિપ્ત રસપૂર્વક ચરિત્ર ) જૈન પાઠશાળા કન્યાશાળામાં પઠનપાઠન માટે ખાસ ઉપયોગી. રૂા. ૦–૧૦–૦

### છપાતાં મૂળ ગ્રંથો.

૧ धर्माभ्युदय ( संघपति चरित्र. )
२ श्री मलयगिरि व्याकरण.
३ श्री वसुदेवहिंडि त्रीजो भाग
४ पांचमो छट्ठो कर्मग्रन्थ.
५ श्री बृहत्कल्प भाग ४

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારા માનવંતા ગ્રાહકોનો આભાર અને નમ્ર સૂચના

"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિક આ શ્રાવણ માસથી છત્રીશમા વર્ષમાં પ્રવેશ કરે છે. આ નવા વર્ષના મંગળમય પ્રવેશના સમયે માસિકને વધુ વિકસાવવાની અમારી મંગળમય ભાવના આ અંક જોતા પાર પડી છે તેમ આપને લાગશે. માસિકનો બાહ્ય પ્રદેશ કદ ( સાઇઝ ), મુખપૃષ્ઠ વગેરે વિશેષ સુંદર બનાવેલ છે. તથા તેની સાહિત્ય સામગ્રી તેટલી જ ( સુંદર લેખોવડે ) મનનીય પીરસવાનો યત્ન પણ આ અંક જોતાં શરૂ થએલ છે એમ આપને માલૂમ પડશે. તેથી તેમાં આપ સુજ્ઞ ગ્રાહક મહાશયોનો પણ સહકાર વિશેષ આવકારદાયક થશે. આપને સુવિદિત છે કે આ માસિક કોઇ વ્યાપારી નફો પ્રાપ્ત કરવાની દૃષ્ટિથી ચાલતું નથી, પરંતુ આટલા વર્ષ થયા કેવળ સાહિત્ય સેવાની ઉમદા ભાવનાથી તે પાંત્રીશ વર્ષથી પ્રગટ થતું આવે છે અને આજ પર્યંત તેણે એ રીતે સમાજની નિઃસ્વાર્થ સેવા બજાવી છે. એટલું જ નહિ પરંતુ દર વર્ષે મોટો ખર્ચ કરી ભેટની પણ વિવિધ સાહિત્યની સુંદર બુકો આપેલ છે. ઉપરોક્ત સેવાની સિદ્ધિ અર્થે અમોએ આ માસિકને તેની અપાતી ભેટની બુકો સાથે દરેક રીતે સમૃદ્ધ--સુંદર બનાવવાની જે મંગળ ભાવના નવા વર્ષથી શરૂ કરી છે તેમાં પણ નફો કાઢવા કે વ્યાપારી દૃષ્ટિનો વિચાર બિલકુલ નહિ કરતાં વધારે સુંદર પ્રગટ કરતાં તેના અંગે ખર્ચ પણ વધારે થશે તેને જ માત્ર પહોંચી વળવા હાલ છે તેથી વાર્ષિક લવાજમમાં માત્ર ચાર આનાનો જ વધારો કરવાનો છે તો આપે અત્યાર સુધી ગ્રાહક રહી જે કદર કરી છે--ઉત્તેજન આપ્યું છે તેને માટે સર્વ ગ્રાહક બંધુઓનો ઉપકાર માનીએ છીએ અને હવે પછી તે જ રીતે ગ્રાહક રહેવા અને આપની ઓળખાણવાળા, આપના નિવાસસ્થાનમાં રહેતા અન્ય જૈન બંધુઓને નવા ગ્રાહક બનાવી તે રીતે ઉત્તેજન આપવા નમ્ર સૂચના છે.

**આપશ્રીએ નીચે મુજબ લવાજમ મનીઓર્ડરથી મોકલી આપવા કૃપા કરવી.**

**૧-૪-૦ આત્માનંદ પ્રકાશ પુ. ૩૫ મું સં. ૧૯૯૩ ના શ્રાવણથી સં. ૧૯૯૪ ના અશાડ માસ સુધીનું ચડેલું લવાજમ.**

**૧-૮-૦ આત્માનંદ પ્રકાશ પુ. ૩૬ મું સં. ૧૯૯૪ ના શ્રાવણથી સં. ૧૯૯૫ ના અશાડ માસ સુધીનું લવાજમ.**

**૦-૩ ૦ ભેટની બુક "મહારાજા ખારવેલ યાને કલિંગનું યુદ્ધ" લેખક રા. સુશીલ કૃત ભેટ મોકલવાના પોસ્ટેજ ચાર્જના**

**૨-૧૫-૦ ઉપર મુજબ બે રૂપીયા પંદર આના આપના તરફથી મનીઓર્ડરથી મળ્યા બાદ ભેટની બુક પોસ્ટ દ્વારા મોકલવામાં આવશે. અને આપના તરફથી મનીઓર્ડર કે પત્ર નહીં આવે તો રજીસ્ટર્ડ પોસ્ટેજ ચાર્જના રૂા. ૦-૩-૦ મળી ૩-૨-૦ નું વી. પી. કરવામાં આવશે જે સ્વીકારી આભારી કરશો.**

**ભેટની બુક ખરેખર ચિત્તાકર્ષક સાથે મનરંજન કરે તેવી થશે. આ બુકથી જૈન ઇતિહાસનું એક વધુ પાનું ખુલ્લું થાય છે. આવી ભેટની બુકનો લાભ લેવા ન ચૂકશો !**

**શ્રી જૈન આત્માનંદ સભા**

**ભાવનગર**

આનંદ પ્રેસ, ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ


પુસ્તક : ૩૬ મું : આત્મ સં. ૪૩ : વીર સં. ૨૪૬૪ : શ્રાવણ :

અંક : ૧ લો : આ. શ. સં. ૨ : વિક્રમ સં. ૧૯૯૪ : ઑગસ્ટ :


## “ શ્રી જૈન આત્માનંદ ” નૂતન વર્ષાભિનંદન

[ રાગ : ગઝલ, તાલ : લાવણી ]

શ્રી દેવ મહાવીરની કૃપાથી, દિન શુભ આજ ગણાય છે;
જૈન માસિક આત્માનંદતણું, વર્ષ શુભ છત્રીશ ગણાય છે.

આનંદ આજે જ્યાં જુઓ ત્યાં, પ્રિય જૈનમાં દેખાય છે;
તન મન અને ધનથકી, આનંદ આ ઉજવાય છે.

માનુષી દેહ આ જગત્માં, ક્ષણ-ભંગુર જે મનાય છે;
નંદ સિદ્ધાર્થ સ્મરણથકી, આ દેહ કૃતાર્થ થાય છે.

સભા અમારી આજની, શી રમણીય હો ! દેખાય છે;
ચિત્કાર આજે હર્ષનાં, શાં, શાં, સભામાં થાય છે.

રંજન દિવસ છે આજનો, આનંદ-લ્હાણ લેવાય છે;
જિનેશ્વર પ્રભુના સ્મરણથકી, નષ્ટ દેહ (!) મોક્ષ પમાય છે.

વન્દે શિરો સહુ જૈન બંધુ, કંઇ પ્રાર્થના કરાય છે;
હો સુખમય વર્ષ છત્રીશમું, જે આજ *આત્માનંદમાં ઉજવાય છે.

* શ્રી જૈન આત્માનંદ સભામાં.

શ્રાવણ શુદિ ૧<br>ગુરુપ્રભાત : ભાવનગર. }

“ છોટમ ” અ. ત્રિવેદી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્ષારંભે માંગલિક પ્રભુ પ્રાર્થના

धर्मो रक्षति रक्षितः

દોહરા.

જય જય જય મંગળકરણ, હરકત-હરણ હરેક;
આત્માનંદ સભા વદે, અરજ આજ ધરી ટેક. ૧.
જીવન મ્હારું જશભર્યું, વર્ષ વીત્યાં પાંત્રીશ;
શરૂ આજ છત્રીશમું, પ્રથમ જપું જગદીશ. ૨.

હરિગીત છંદ.

જય જય જગત સુખકાર, ભવતારણ પ્રભુ ભગવંત છો,
આજે અમારા હૃદયમાં, દેદીપ્ય પ્રભુ અરિહંત છો;
પ્રભુ તુજ ચરિત્ર વિચિત્ર પૂર્ણ, પવિત્ર અમ હૃદયે ગમે,
આ વર્ષ હર્ષોત્કર્ષ આપો, બેસતા છત્રીશમે. ૧.
આપો વિજય સર્વત્ર, આત્માનંદ પત્ર પ્રકાશને,
શ્રી જૈનશાસનનો ઉદય હો, પામી વિવિધ વિકાસને;
ગ્રાહક સદા ગ્રાહક રહો, વધતા જજ્યો જ અનુક્રમે,
આ વર્ષ હર્ષોત્કર્ષ આપો, શ્રી પ્રભુ! છત્રીશમે. ૨.
શ્રાવક અને શુભ શ્રાવિકાઓ, સાધુ ને સાધ્વીજીઓ,
એ ચતુર્વિધથી સંઘ ધર્મામૃત સદા પાઓ-પીઓ;
ગુણવાન ગ્રાહકને મળો, સદ્બોધ શ્રી જૈનાગમે,
ફરકો વિજયનો વાવટો, આ પત્રનો છત્રીશમે. ૩.
દુર્ગુણ બધાના દૂર કરીને, નૂર નવલું આપજ્યો,
સ્વર્ગસ્થ આત્માનંદજીનાં, સ્મરણ હૃદયે સ્થાપજ્યો;
ગુણીયલ અમારા ગ્રાહકોને, સુખી કરો પ્રભુ! સૌ સમે,
બહુ રંગ રૂડો જામજ્યો, આ પત્રનો છત્રીશમે. ૪.
સદ્ધર્મની સેવા સજે, અરિહંત દેવ ઉરે ભજે,
માનવજીવન ફરજો બજે, ને તુચ્છ સૌ ટેવો તજે;
લાયક લખાણું લેખ એવા, ગ્રાહકો ઉરમાં ગમે,
જયવંત હો, જશવંત હો, આ પત્ર શુભ છત્રીશમે. ૫.
સ્વર્ગસ્થ આત્માનંદજીના, જીવન જેવી આ સભા,
સજ્જન સુગ્રાહક સાહ્યથી, પ્રગટી રહી પ્રૌઢી પ્રભા;
સભ્યો અને સૌ કાર્યવાહક, લાઇફ મેમ્બર આ સમે,
પ્રેમે કરે છે પ્રાર્થના, શુભ વર્ષ આ છત્રીશમે. ૬.

દોહરા.

બાલ્યપણું વીતી ગયું, પામી યૌવન આજ;
બહુવિધ બળ રેડ્યા કરો, સભ્યોતણો સમાજ. ૧.
સંપ સન્મતિ સત્કૃતિ, દયા—ધર્મ ઔદાર્ય;
ગુણવંતા ગ્રાહક લહો, ઉત્તમ ગુણ એ આર્ય. ૨.

શ્રાવણ શુકલપક્ષ

લેખક:—
રેવાશંકર વાલજી બધેકા
નિવૃત્ત એજ્યુ૦ ઇન્સ્પેકટર અને ધર્મોપદેશક—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ॰ નૂતન વર્ષનું મંગલમય વિધાન. ॰

**પ્રવેશ.**

" उत्पादव्ययध्रौव्यात्मकं सत् "—એ જૈન દર્શનના સ્યાદ્‌વાદમય સૂત્રને અનુસારે સૃષ્ટિના ઉત્પાદ, વ્યય અને ધ્રુવમય નિયમોને આધીન " **શ્રી આત્માનંદ પ્રકાશ** " આજના નૂતન વર્ષના મંગલમય પ્રભાતે છત્રીશમા વર્ષમાં પ્રવેશ કરે છે. વ્યવહારદષ્ટિએ ( relative standpoint ) છત્રીશ વર્ષો પહેલાંની ઉત્પત્તિ અને ત્યારપછીના વર્ષોનો પર્યાયરૂપે વ્યય થવા છતાં આત્માનંદ પ્રકાશ ધ્રુવપણે અચળ રહેલું છે; નિશ્ચયદષ્ટિએ ( absolute standpoint ) આત્માની બાલ્યાવસ્થા અને યુવાવસ્થાના ઉત્પાદ, વ્યયો થતાં પ્રૌઢાવસ્થામાં પણ આત્માનંદરૂપ અચળ અમર પ્રકાશ ધ્રુવપણે પ્રત્યેક આત્મામાં રહેલો છે. સૃષ્ટિ પરના પ્રત્યેક પદાર્થો આ નિયમોને આધીન હોવા છતાં મૂળ વસ્તુ તરીકે કાયમ રહે છે. સ્વભાવસિદ્ધ આ નિયમો હોઇને અન્યના કર્તૃત્વનું આરોપણ કલ્પવાની જરૂર રહેતી નથી એ જિનસિદ્ધાંત છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવરૂપ રાજનીતિમય જિનાજ્ઞાનો અમલ વગરભયે જડ ચેતન તમામને કરવો પડે છે; અન્ય પરિભાષામાં કહીએ તો જિનવચનાનુસાર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવરૂપ કાર્ય કારણને આધીન આત્મા અને અન્ય તમામ વસ્તુઓ પ્રવર્તે છે. કારણને અંગે કોઇ પણ નિમિત્તવાળું પ્રેરકબળ ( motive power ) અવશ્ય હોય છે; તદનુસાર આત્માનંદ પ્રકાશ સ્વગત ( intutional ) પ્રશ્ન પૂછે છે કે 'દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવાનુસાર મેં ગત વર્ષમાં યથાશકિત કર્તવ્ય બજાવ્યું છે કે કેમ ? ઉત્તર 'હા' કારમાં મળવાથી અંતરમાં આનંદ અનુભવે છે; કેમ કે જગતમાં પ્રત્યેક મનુષ્ય કે જડ વસ્તુઓને પોતપોતાનું કાર્ય હોય છે જ; તે કર્તવ્યને આધીન થઇ મનુષ્યે નિષ્કામ કર્તવ્ય બજાવ્યે જવું એ માનવ જન્મનો સાર છે. "આત્માનંદ પ્રકાશ" પત્ર જડ હોવા છતાં લેખોદ્વારા દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ આત્મિક ગુણો વિકસાવનાર હોવાથી કાર્ય કારણની અપેક્ષાએ જિનમૂર્તિની માફક સચેતનવત્ છે; કેમ કે તે જિનાજ્ઞાનું પાલક હોવાનો દાવો કરે છે તેમ જ જિનવચનની પ્રતિભા પાડનારું હોવાથી વાચકોના જડવત્ સુપ્ત થયેલા આત્માને જગાડે છે અને પ્રેરણા આપી ઉન્નત કરે છે. ખુદ શ્રી તીર્થંકર મહારાજા પોતાનું અને શાસ્ત્રોનું કામ પણ પ્રેરણા આપવાનું જ હોય છે. શ્રી તીર્થંકર ભગવાન પણ પોતાના સ્થૂલ હસ્તથી પોતાની પાસેથી 'મુકિત' કાંઇ આપી શકતા નથી, પરંતુ પ્રાણીઓ જો તેમના જીવનમાંથી તેમ જ વચનમાંથી પ્રેરણા મેળવે તો સ્વતંત્ર રીતે કર્મોથી મુકત થઇ શકે છે; આ રીતે આત્માનંદ પ્રકાશ ગત વર્ષમાં પોતાના અસ્તિત્વનું કાર્ય યથાશકિત જાળવી રાખવાને અંગે ક્ષણભર પ્રશસ્ત ગૌરવ અનુભવી આધ્યાત્મિક આનંદપૂર્વક સંતોષ માને છે.

**સંજ્ઞા.**

પ્રસ્તુત રૂડની સંજ્ઞા જે મહાત્માના પ્રેરણાબળ નીચે આ **આત્માનંદ પ્રકાશ** સતત ગતિ કરી રહ્યું છે તે પ્રાતઃસ્મરણીય સ્વ. પૂજ્ય શ્રી **વિજયાનંદસૂરિજી**ના આચાર્ય તરીકે ગુણોની સંજ્ઞા સૂચવે છે. શ્રી **વીર પ્રભુ**ના હસ્તદીક્ષિત અને ઉપદેશમાલા ગ્રંથના કર્તા શ્રી **ધર્મદાસગણિએ** આચાર્યના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છત્રીશ ગુણો વર્ણવેલા છે. તેમાંથી છત્રીશ છત્રીશીરૂપે જૈન દર્શનમાં વિસ્તરેલ છે. તે રીતે વિચારતાં જેમના પવિત્ર નામદ્વારા પત્ર તરીકેનું નામ પ્રકટ થયેલું તે તે આત્માનંદ પ્રકાશનું છત્રીશમું વર્ષ નૂતન વર્ષમાં સવિશેષ પ્રેરણાદાયી બનવાની આગાહી સૂચવે છે.

## સંસ્મરણો.

ગત વર્ષમાં જૈન સમાજમાં દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ આત્મિક અરૂપી ગુણોના પ્રતીકરૂપે સ્થૂલ **સત્રો** સુંદર પ્રમાણમાં થયાં છે, તેમ જ જૈન સમાજના ઉદ્ધારનું કાર્ય પણ થયું છે તે જાણી દરેક જૈન સાત્ત્વિક આનંદ અનુભવશે. તેની સંક્ષિપ્ત નોંધ લેવી અસ્થાને નથી. **દર્શન-સત્રના** કાર્યમાં ગત વર્ષમાં શ્રી **શત્રુંજય તીર્થનો** છ **'રી'** પાળતો સંઘ **જામનગર**નિવાસી શેઠ **પોપટલાલ ધારશીભાઇ** વિગેરે તરફથી કાઢવામાં આવેલ હતો, જેમાં આચાર્યશ્રી **વિજયનેમિસૂરીશ્વરજી, શ્રી સાગરાનંદસૂરિ** તથા શ્રી **વિજયમોહનસૂરિ** મુખ્ય હતા. લગભગ ત્રણ સો સાધુસાધ્વીઓ હતા. આ સંઘ જામનગરથી પ્રયાણ કરી શાસનપ્રભાવના અને સાર્વજનિક ખાતાઓમાં પણ સદ્દવ્યય કરતાં કરતાં તેમ જ રાજ્યો અને અન્ય સંઘો તરફથી અભિનંદનો સ્વીકારતાં સ્વીકારતાં લગભગ બે મહિનાની લાંબી મજલ છતાં નિર્વિઘ્ને શ્રી **સિદ્ધક્ષેત્રમાં** આવ્યો હતો. ગત વર્ષનું આ દર્શન-શાસન-પ્રભાવનાસત્ર કહી શકાય. આ સાથે તેમના તરફથી સિદ્ધક્ષેત્રમાં એક **સેનેટરીઅમ**ની પણ શરૂઆત થઇ છે.

**શ્રીકદંબગિરિ** તીર્થના ઉદ્ધારક પૂ. શ્રી **વિજયનેમિસૂરિ**ના નેતૃત્વ નીચે ગત વૈશાક શુકલ ૧૦મીએ અંજનશલાકા તથા પ્રતિષ્ઠા મહોત્સવ નિર્વિઘ્ને પૂર્ણ થયાં હતાં. લગભગ એક હજાર પ્રતિમાજીની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા થઇ હતી. આ રીતે દર્શન-તીર્થ-પ્રતિષ્ઠાનું સત્ર ગતવર્ષમાં પૂર્ણ થયું છે.

આચાર્ય મહારાજ શ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી**ના પ્રયત્નના પ્રતાપે **અંબાલા**(પંજાબ)માં જૈન કોલેજની ઉદ્દઘાટન ક્રિયા મહાન સમારોહ સાથે થઇ ચૂકી છે. જૈન સમાજમાં આ પ્રથમ જ સંસ્થા છે. જૈન સમાજ કોલેજ ચલાવી શકે તેવી સ્થિતિમાં છે કે નહિં એ શંકાસ્પદ પ્રશ્ન હતો તે વખતે પંજાબના સંઘે એક અતિ વિકટ કાર્યનું બીડું ઝડપ્યું છે. ખરી રીતે ગુજરાતના જૈનોની જ એ જવાબદારી હતી પરંતુ અંદર અંદરના તીવ્ર મતભેદ અને નજીવા ક્લેશોને અંગે ગુજરાત એ જવાબદારી અદા કરી શક્યું નથી એ ખેદજનક છે. આ કોલેજના આશ્રયે જૈન સંસ્કૃતિ( culture )ને અનુરૂપ બીજા પણ અનેક વૃક્ષ અને વેલાઓ ખીલી નીકળશે એમ કહેવું અસ્થાને નથી. આ. શ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજ વૃદ્ધાવસ્થા છતાં લાંબો વિહાર કરી અંબાલા જઇ પહોંચ્યા; પંજાબના સંઘે દિવસ ધન્ય માન્યો; અમદાવાદથી શેઠ **કસ્તૂરભાઇ** લાલભાઇ, મુંબઇથી શેઠ **કાંતિલાલ** ઇશ્વરદાસ, શેઠ **સકરચંદ** મોતીલાલ તથા **રતિલાલ** વાડીલાલ વિગેરે આવેલા ગૃહસ્થો મુખ્ય હતા. માણસોના સમૂહ વચ્ચે કોલેજનું ઉદ્દઘાટન થયું. તે સાથે લાયબ્રેરી અને વ્યાયામશાળા પણ ખોલવામાં આવી. આ સર્વના પ્રેરક આ. શ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજ છે. કેળવણીની મુખ્યતા એ તેમના જીવનમાં વણાઈ ગયેલું તત્ત્વ છે. જૈન દર્શન ને અન્ય દર્શનોના તુલનાત્મક (comparative) સિદ્ધાંતોના અભ્યાસ સાથે જૈન કોલેજ સ્થાપવાનું જે સ્વપ્ન તેઓ વર્ષો થયાં સેવી રહ્યા તેની સફલતા તેમના જ મુખ્યપણા નીચે સિદ્ધ થઈ તેને માટે તેમને કેવો હર્ષ થયો હશે તે તેમનું હૃદય જ જાણતું હોય! પ્રસ્તુત કોલેજને વિશેષપણે સ્થાયી કરવા માટે તેમના ઉપદેશનો અમલ પંજાબના સંઘે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમગ્ર જૈન સમાજે જલ્દી ગ્રહણ કરવાનો છે. **જ્ઞાન-સત્રનું** આ મુખ્ય કાર્ય ગણી **શકાય.** એ રીતે અનેક સ્થળે શ્રાવક શ્રાવિકાક્ષેત્રની ઉન્નતિ માટે ધાર્મિક અને વ્યવહારિક કેળવણીની અનેક સંસ્થા શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના ઉપદેશ અને પ્રયત્નવડે સ્થાપન થઇ છે, જેનો જૈન સમાજ ઉપર અવર્ણનીય ઉપકાર છે.

મુનિશ્રી **દર્શનવિજયજી, જ્ઞાનવિજયજી** અને **ન્યાયવિજયજી**ની ત્રિપુટી, વાયવ્યપ્રાંત, U. P.ના જીલ્લાઓમાં ધર્મપ્રચારનું કાર્ય અનેક કષ્ટો સહન કરી રહી છે. અનેક અજૈનોને જૈનો બનાવ્યા છે અને હજી પણ જૈન દર્શનનો સુંદર પ્રચાર કરી અનેક મનુષ્યોને જૈન બનાવે છે. નૂતન જૈનોની શ્રદ્ધા ટકી રહે તે માટે તે તે સ્થળે નવાં દેરાસરો, લાઇબ્રેરી તથા ઉપાશ્રય વિગેરે ઉપદેશદ્વારા કરાવવાનો પ્રબંધ ચાલુ છે. એ રીતે જૈનધર્મના પુનરુદ્ધારને માટે તેમને ધન્યવાદ ઘટે છે.

કેળવણી અને બેકારીના પ્રશ્નો આજે દરેક કોમોની માફક જૈન કોમને પણ મુંઝવી રહ્યા છે. તેવા પ્રસંગે **રાધનપુર**માં જૈન બોર્ડીંગની ઉદ્દ્ઘાટન ક્રિયા લગભગ બે લાખ રૂપિયાની સખાવતથી પોતાના પિતાશ્રીનું મુખ્ય નામ જોડીને શેઠ **કાંતિલાલ ઇશ્વરદાસ** તરફથી પૂ. શ્રી. **વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજના મુખ્યપણા નીચે મહાન ઉત્સવના સમારંભપૂર્વક **નવાબસાહેબને** હાથે કરવામાં આવી હતી. આ ઉમદા સખાવતને માટે નવયુગના બળને પીછાણનાર તથા ટૂંકી મુદ્દતમાં લાખો રૂપીયાની કેળવણીમાં સખાવત કરનાર શેઠ શ્રી કાંતિલાલ ઇશ્વરદાસ તેમજ તેઓશ્રીને પ્રેરણા આપનાર તેઓના ધર્મપત્ની શ્રીમતી **શંકુતલા** બ્હેનને ધન્યવાદ ઘટે છે. આવી ટૂંક મુદતમાં જૈનોના ઉદ્ધાર માટે આટલી મોટી સખાવત કરનાર શેઠશ્રી કાંતિલાલભાઇને માટે જૈન સમાજ હર્ષ પામે તે સ્વાભાવિક છે. ગત વર્ષમાં ઉદ્દ્ભવેલું આ બીજું **જ્ઞાન-સત્ર** છે.

પ્રત્યેક વર્ષે જ્યેષ્ઠ શુદિ ૮મે સ્વ. શ્રી **આત્મારામજી** મહારાજની જયંતી આ સભા તરફથી શ્રી **સિદ્ધાચળજી** ઉપર ઉજવાય છે, જેમાં પ્રભુની અંગરચના તથા પૂજા ભણાવવા વિગેરેથી દેવ-ગુરુ-ભક્તિ સાથે લઘુ સ્વામીવાત્સલ્ય થાય છે, તે લાભ કાયમને માટે લેવાની ભાવના થતાં પૂ. **વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજની પ્રેરણાથી શેઠ **સકરચંદ મોતીલાલ** તરફથી ત્રણ હજારની રકમ સભાને આપવા નક્કી થયેલ છે, જેના વ્યાજમાંથી દરવર્ષે જ્યેષ્ઠ શુદિ ૮ મે દેવગુરુભક્તિ કરવામાં આવશે. આ સભા શેઠ શ્રી મોતીલાલભાઇ મૂળજીભાઇ ને તે ઉદારતા માટે મુબારકબાદી આપે છે. સ્વર્ગવાસી શેઠ મોતીલાલભાઇ મૂળજી દેવગુરુધર્મના પરમ આરાધક હતા. તેઓએ પોતાના જીવનમાં સાર્વજનિક અને જૈન સમાજની સેવા માટે અનેક ખાતાઓ ખોલી જૈન સમુદાયને રાહત આપી છે. તેઓના પગલે ચાલી તેમના પિતૃભક્ત સુપુત્ર શેઠ સકરચંદભાઇ પણ તેવી જ સખાવતો અત્યારે પણ કરી રહ્યા છે અને દેવગુરુ-ધર્મની ભક્તિ તેઓશ્રીએ પિતાએ આપેલા લક્ષ્મીના વારસાની સાથે લીધી છે અને તે રીતે તેઓ મનુષ્ય જન્મનું સાર્થક કરી રહ્યા છે. શેઠ **હેમચંદભાઇ મોતીચંદ** ઝવેરીએ પાટણમાં પૂ. પ્રવર્તક મહારાજ શ્રી **કાંતિવિજયજી** મહારાજની પ્રેરણાથી એકાવન હજાર આપી જ્ઞાનમંદિરનું મકાન બનાવી આપવા પ્રથમ જાહેરાત કરી હતી, તેનો અમલ પૂ. શ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજીની** હાજરીમાં ગતવર્ષમાં થયો છે તે જાણી જૈન સમાજને સવિશેષ આનંદ થશે. આ સંસ્થાનું નામ શ્રી **આત્મકાંતિ હેમચંદ્રાચાર્ય જૈનજ્ઞાનમંદિર** એ રીતે રાખેલ છે. પાટણમાં જૈન તાડપત્ર અને હસ્તલિખિત પ્રતોના પ્રાચીન ભંડારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, જેનું સંરક્ષણ આ જ્ઞાનમંદિરમાં થાય તેવી ગોઠવણ કમીટીના બંધારણપૂર્વક થશે. આ નજીકના ભવિષ્યમાં ઉપન્ન થનારું જ્ઞાનસત્ર. પ્રાતઃસ્મરણિય પૂજ્યપાદ પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજે તેઓના સુશિષ્ય મુનિરાજ શ્રી **ચતુરવિજયજી** મહારાજશ્રીના સુશિષ્ય સાક્ષરવર્ય મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજના સહકારથી લીંબડી, પાટણ વગેરેના પ્રાચીન જ્ઞાનભંડારોનો ઉદ્ધાર કર્યો છે અને તેને સુરક્ષિત બનાવ્યા છે તેમજ તેનો સર્વ કોઇ લાભ લઈ શકે તે માટે તેઓએ રજીષ્ટરો વિગેરે એવી સરળ રીતે બનાવ્યું છે કે પંચમ આરાને માટે જિનબિંબ, જૈન આગમ તીર્થંકર સદશ શાસ્ત્રકાર મહારાજે જણાવ્યું છે તે સત્ય છે અને આત્માના મોક્ષ માટે બંને વસ્તુઓ ઉપયોગી છે. એવા જિન આગમનો એ ત્રણે મહાત્માઓએ ઘણો જ પરિશ્રમ સેવી જૈન જ્ઞાનભંડારોનો ઉદ્ધાર કર્યો છે તેટલું જ નહિ પરંતુ મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે એ પ્રાચીન હસ્તલિખિત પ્રતોમાંથી ભાવિકાળને માટે જૈન દર્શનને ઉપયોગી એવા અપૂર્વ ગ્રંથ અને સાહિત્યનું સંશોધન કરી અનેક ગ્રંથો આ સભા દ્વારા પ્રસિદ્ધ કરાવ્યા છે, તે બંને ભાવિ કાળને માટે જૈન સમાજ માટે એક અતિ ઉપયોગી મહત્ત્વની વસ્તુ બની છે, જે નહિ ભૂલી શકાય તેવો જૈન સમાજ ઉપર ઉપકાર છે.

કરાંચી મુકામે સાહિત્ય પરિષદમાં થયેલા ઠરાવાનુસાર શ્રી **હૈમસારસ્વત સત્ર** સાથે શ્રી **હેમચંદ્રાચાર્ય**નું નામ સોનેરી સાંકળથી સંયોજાયેલું રહેશે. એક વખતનું પાટણની રાજધાનીનું ગૌરવ **કુમારપાળ** રાજાની વિશુદ્ધ ધાર્મિકતા અને અન્ય વિશિષ્ટતાઓ તેમજ **સરસ્વતી** અને લક્ષ્મીના વૈભવના વિરલ સહકારનું ઐતિહાસિક દૃશ્ય ખડું થાય છે. એ મહાન **જ્યોતિર્ધરના** પુણ્યસ્મરણમાં **સારસ્વત સત્ર** ઊજવવાનું ઠર્યું છે એ એમને માટે સ્થાન પણ સમુચિત જ છે. આ પ્રસંગે ત્યાં બિરાજતા વયોવૃદ્ધ પ્ર. મહારાજ શ્રી **કાંતિવિજયજી**નું અનેરું સ્થાન હશે કેમ કે તેઓશ્રીએ પાટણના ભંડારમાંથી જૈન ગ્રંથ–સમુદ્ધારનું કાર્ય વર્ષો થયાં કરેલું છે. ગુજરાતની પ્રથમ અસ્મિતા પ્રકટાવનાર શ્રી **હેમચન્દ્રાચાર્ય જ** છે એમ વર્તમાન ગૃહમંત્રી શ્રી **મુન્શીજી**એ ઉચ્ચાર્યું છે. તે રીતે **શ્રી હેમચન્દ્રાચાર્ય** અને **કુમારપાળ** રાજાનો યોગ કેવી રીતે પાટણમાં ઝળક્યો તેનું ઐતિહાસિક નિરૂપણ શ્રી **હૈમસારસ્વતસત્રના** ઉત્સવ આરંભ પહેલાં ભૂમિકારૂપે તૈયાર થવું જોઇએ એમ અમારી માન્યતા છે. નજીકમાં થનારું આ બીજું **જ્ઞાન–સત્ર.**

**શ્રી વલ્લભ દીક્ષાર્દ્ધ** શતાબ્દિ મહોત્સવ અંબાલા જૈન કોલેજના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉજવવામાં આવ્યો જેમાં પૂ. શ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજનું પચાસ વર્ષનું :સંયમી જીવન અને મુખ્યતાએ તેમની કેળવણી તરફની અભિરુચિ વિગેરેનું વર્ણન કરવામાં આવ્યું. એ રીતે એમના સંયમી જીવનનો અર્ધ શતાબ્દિ મહોત્સવ **ચારિત્ર–સત્રરૂપે** ગત વર્ષમાં ઉજવાયો.

પાલીતાણામાં શ્રી **સાગરાનંદસૂરિજીના** ઉપદેશથી શત્રુંજયની તળાટીમાં '**વર્ધમાન જૈન આગમમંદિર**' તૈયાર કરવાની શરૂઆત થઇ ગઇ છે. પીસ્તાલીશ આગમો લિપિદ્વારા જળવાઇ રહેવાનો તેમાં મુખ્ય ઉદ્દેશ છે. અક્ષરો આરસમાં કોતરાઇને કળાની દૃષ્ટિએ તૈયાર કરવામાં આવશે તો જૈન **સમાજને** જ્ઞાન તથા કળા–ઉભય–નો સુંદર યોગ મળી શકશે.

**આચાર્ય** શ્રી **વિજયમોહનસૂરિની** પ્રેરણાથી જૈન આગમ સાહિત્યમંદિરનું ખાતમુહૂર્ત પન્નાલાલ બાબુની ધર્મશાળાની બાજુમાં **પાલીતાણા**માં થઇ ગયું છે. તેમાં તાડપત્ર અને કાગળ ઉપરની હસ્તલિખિત પ્રતો, પત્રો અને ચિત્રોનો સંગ્રહ કરવા સાથે **જૈન મ્યુઝીઅમનો** જૈન સૃષ્ટિમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉમેરો થાય તેવી તેઓશ્રીને વિનંતિ કરવી અસ્થાને નથી. શ્રી શત્રુંજય તીર્થમાં જ્ઞાનમંદિર અને જૈન મ્યુઝીયમની આવશ્યકતા હતી અને તેને માટે અમોએ આત્માનંદ પ્રકાશદ્વારા કેટલાક વખતથી શેઠ શ્રી આણંદજી કલ્યાણજીને નમ્ર વિનંતિ કરતા હતા પરંતુ શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજ તથા શ્રી વિજયપ્રતાપસૂરિ મહારાજ તરફથી થયેલું આ સાહિત્યમંદિર પણ આવકારદાયી છે, અને આ પરમ પવિત્ર તીર્થની સાથે હોવાથી બંને મંદિરો તીર્થની શોભામાં પણ વૃદ્ધિ કરશે એમ અમે માનીએ છીએ.

જૈન સમાજના **સરાકજાતિના** ઉદ્ધાર માટે હાલમાં ચર્ચાઓ આવે છે. ઉ. શ્રી **મંગલવિજયજી** તથા અન્ય ગૃહસ્થો આ સરાક જાતિના પુનરુદ્ધારમાં રસ લઈ રહ્યા છે. એ સરાક જાતિનું વર્તન, એમનાં ગોત્રો અને કુલદેવતાઓ સંબંધેનો ઇતિહાસ તપાસતાં વસ્તુતઃ **સરાક** એ **શ્રાવક** શબ્દનો અપભ્રંશ છે. સરાક જાતિ મગધ, બિહાર, બંગાલમાં એક દિવસે જૈન સંઘની જાહોજલાલી હતી તેના અવશેષરૂપ છે. આ જાતિના પુનરુદ્ધારનું કાર્ય સ્વ૦ શ્રી **વિજયધર્મસૂરિના** શિષ્યો કરી રહ્યા છે તે વિશેષ અભિનંદનને પાત્ર છે.

**બિહારનાં** આપણાં તીર્થો ઉપર હમણાં નવી આફત ઊતરે એવા ભણકારા સંભળાઈ રહ્યા છે. હાલમાં બીહારની સરકારે હિંદુસમાજની ધાર્મિક મીલ્કતો, મંદિરો વિગેરેની વ્યવસ્થા માટે એક નવો કાયદો તૈયાર કરવાની પ્રવૃત્તિ હાથ ધરી છે. એ કાયદાનું નામ **બિહાર ગવર્નમેંટ હિંદુ રિલીજીઅસ એંડાવમેંટ લૉ**-એવું રાખવામાં આવેલ છે. જે પાયા ઉપર એ કાનૂન રચવામાં આવ્યો છે તે જૈન સમાજને અન્યાય આપે એવી ચિંતા ઊભી થઇ છે. **કૉન્ફરન્સ** તરફથી તેના વિરોધ માટે બિહારના વડાપ્રધાન અને **ગવર્નરને** તાર કરવામાં આવ્યો છે તેમ જ સમિતિ પણ નીમવામાં આવી છે. આ બાબત પ્રત્યેક શહેરની જૈન સંસ્થાએ ઉપાડી લેવાની જરૂર છે.

જૈન કૉન્ફરન્સને આવતા વર્ષમાં **ભાવનગરનું** આમંત્રણ છે. જૈન કૉન્ફરન્સ આજે જોઇએ તેવી સંજીવન નથી. પરિષદોના જલસા થાય અને શ્રીમંતોની સખાવતો જાહેર થાય તો જ ખરી જાગૃતિ ગણાય-એ ભ્રમ હવે ભાંગી ગયો છે. **ભાવનગરમાં** સક્રિય કાર્ય કરી બતાવવાનું તેમજ જૈન સમાજમાં સંપની વૃદ્ધિ કરવાનું કાર્ય કૉન્ફરન્સના આગેવાનો કરી બતાવશે એવી સૂચના આ પ્રસંગે અસ્થાને નથી જ. કૉન્ફરન્સ તરફથી કેલવણીના પ્રચારકાર્ય માટે સમિતિ સક્રિય કાર્ય કરવા નીમાઈ છે તે હર્ષની બાબત છે.

સમગ્ર હિંદુસ્તાનમાં સંક્રાંતિ કાલનાં પ્રચંડ મોજાઓ વહેવા લાગ્યાં છે. મહાત્મા **ગાંધીજીના** નેતૃત્વ નીચે **રાષ્ટ્રીય પ્રધાનમંડળ** ઘણાં પ્રાંતોમાં સ્થાપિત થયેલું છે અને તેમના હાથમાં ઘણે અંશે દેશનું સુકાન છે. દારુના વ્યસનનો ત્યાગ **મદ્રાસ** અને **મુંબઇ** ઇલાકામાં અમલમાં મૂકવામાં આવ્યો છે. રાજકીય દૃષ્ટિએ આર્થિક લાભોનું ઉત્પાદન અને રાષ્ટ્રીય કેળવણીની શરૂઆત વિગેરે અનેક કાર્યો શરૂ થઇ ચૂકયા છે, અને **ફેડરેશન** જો લોકશાસનની દષ્ટિએ ન હોય તો અસ્વીકાર કરવા ભારતવર્ષ તૈયાર થઇ ગયું છે. **ભારતવર્ષ** જાગ્યું છે. જૈન સમાજની માત્ર એક જ વ્યકિત શ્રી **લઠ્ઠે** પ્રધાનમંડલમાં છે તેથી જૈન સમાજ રાજકીય દૃષ્ટિએ કેટલો પછાત છે તે જણાઇ આવે છે. જૈનસમાજમાં વર્ષો થયાં કુસંપે ઘર ઘાલ્યું છે. જૈન કોમનો પણ રાષ્ટ્રમાં સમાવેશ થાય છે, રાષ્ટ્રને પડતાં દુઃખોનો અનુભવ તેને પણ કરવો પડે છે; જૈન સમાજ અખંડ અને એકત્ર હોય તો શાસનોદ્ધારનાં અનેક કાર્યો સરલતાથી કરી શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગતવર્ષમાં સન્મિત્ર મુ૦ શ્રી **કર્પૂરવિજયજી** કે જેમનો ચારિત્રપર્યાય મહાન હતો, વર્ષો સુધી અમારા તેમજ અન્ય પત્રોમાં લેખો લખી તેમ જ અનેક પુસ્તકોનું પ્રકાશન કરાવી જૈન સમાજ ઉપર જેમનો પ્રચંડ ઉપકાર હતો, જેઓ પ્રકૃતિએ શાંત, સરલ અને મિતભાષી હતા, તેમજ શ્રવણ, મનન અને નિદિધ્યાસનમાં જ કાલ વ્યતીત કરતા હતા અને જેઓ સ્વ૦ પૂ૦ **વૃદ્ધિચંદજી** મહારાજના શિષ્ય હતા તેમનો પ્રાચીન વિભૂતિ તરીકેનો ગત વર્ષમાં અભાવ થયો છે અને એ રીતે જૈન સમાજમાં ભારે ખોટ પડી છે તેમને સ્મરણાંજલિ અર્પીએ છીએ. પૂ૦ શ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના** જમણા હાથ સમા મુ૦ શ્રી **ચરણવિજયજી** કે જેમના હૃદયમાં સાહિત્યોદ્ધાર અને જૈન સમાજની ઉન્નતિ માટે સંપૂર્ણ ધગશ હતી અને જેમની ગુરુભક્તિ પણ અનન્ય હતી તેમનો સ્વર્ગવાસ થયો, તેથી એક મુનિરત્નની જૈન સમાજને ખોટ પડી છે. તદુપરાંત મુ૦ શ્રી **સુમતિવિજયજી**ની, મુ૦ શ્રી વિચક્ષણવિજયજી અને મુ૦**ગીર્વાણવિજયજી** વિગેરે ખરેખરા ચારિત્રપાત્ર મુનિનો પણ અભાવ થયો છે. ગૃહસ્થવર્ગમાં આ સભાના જે જે સભાસદો સ્વર્ગવાસી થયા છે તે માટે આ સભા ગતવર્ષનાં સંસ્મરણો માટે ખેદ પ્રદર્શિત કરે છે; તે સાથે શેઠ **સારાભાઈ ડાહ્યાભાઇ** કે જેઓ જૈન સમાજના કટોકટીના પ્રસંગે કાર્યકર્તા અને શેઠ **આણંદજી કલ્યાણજી**ની પેઢીના અગ્રણી તરીકે હતા તેમનું કરુણ અવસાન વિચિત્ર સંયોગોમાં થયું તેને માટે સવિશેષ દિલગીરી પ્રદર્શિત કરે છે. પ્રસંગોપાત્ત શેઠ **આણંદજી કલ્યાણજી**ની પેઢીના બંધારણને વિશાળ અને સુવ્યવસ્થિત કરવા સૂચના કરીએ છીએ.

## લેખદર્શન.

ગત વર્ષમાં ૧૬ પદ્ય લેખો અને ૬૯ ગદ્ય લેખો કુલ ૩૦૬ પાનાંઓમાં આપવામાં આવ્યા છે; તેમાં સ્વીકાર અને સમાલોચનાના આઠ લેખો અને વર્તમાન સમાચારના નવ લેખો તેમજ ચર્ચા પત્રના એક લેખનો સમાવેશ થાય છે. પદ્ય લેખોના લેખકો **રાજપાળ** મગનલાલ વહોરા, આ૦ શ્રી વિજય**કસ્તૂરસૂરિજી** મહારાજ, **છોટમ** અ. ત્રિવેદી, **ભગવાનદાસ** મહેતા, **રેવાશંકર** વાલજી બધેકા વિગેરે છે. ગદ્ય લેખોના લેખકો **મુમુક્ષુ મુનિ,** સ૦ શ્રી **કર્પૂરવિજયજી** છે તેમજ આ. શ્રી વિજય **કસ્તૂરસૂરિજી**ના લેખો મનનીય અને વિચારણીય છે તેમજ વિદ્વત્તાભરેલા છે. મુ. શ્રી **ન્યાયવિજયજી,** રા. **મોહનલાલ** ચોકસી, રા. **રાજપાળ** વહોરા, રા. **ભગવાનલાલ** મહેતા, રા. **વિઠ્ઠલદાસ** મૂળચંદ, આત્મવલ્લભ અને અભ્યાસી વિગેરે લેખકો વિચારક, અભ્યાસી હોઇને તેઓના લેખો સમયને અનુસરતા અને મનનીય છે. તદુપરાંત સમ્યગ્જ્ઞાનની કુંચીના બાર લેખો તત્ત્વજ્ઞાનના ગ્રંથનો સુંદર અનુવાદ છે. મૂળ લેખક વિદ્વાન બાબુ શ્રી **ચંપતરાયજી** જૈની બેરીસ્ટર-એટ-લૉ છે. આ લેખ વિદ્વત્તાપૂર્ણ અને પાશ્ચિમાત્ય વિચારોની તુલનાત્મક દૃષ્ટિએ ( comparative view ) લખેલો છે. વર્તમાન સમાચાર વિગેરે લેખો માસિક કમિટી તરફથી આપવામાં આવેલ છે. મુખપૃષ્ઠ ઉપરનો શ્લોક શ્રીમદ્ **ઉમાસ્વાતિવાચક**કૃત તત્ત્વાર્થના સ્વોપજ્ઞ ભાષ્યમાંથી આપવામાં આવેલો છે; જેમાં માનવ જીવનનું રહસ્ય મુક્તિજ્ઞાનરૂપે સંક્ષિપ્તમાં ધ્વનિત થાય છે. ઉપરોક્ત તમામ લેખો જુદા જુદા વિષયો ઉપર ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુઓથી લખાયલા છે. આ તમામ લેખો સ્વયંસ્ફુરિત ( intutional ), સંગૃહિત, અનુવાદિત અને સમશ્લોકીરૂપે બોધપ્રદ શૈલીથી પૂર્ણ છે. ભક્તિ, જ્ઞાન, યોગ, સાહિત્ય, નૈતિક મનોબળ ( moral mental force ), આરોગ્ય, વૈરાગ્ય, પશ્ચાત્તાપ, પુરુષાર્થ, સંસારની અનિત્યતા, આધ્યાત્મિક બળ ( spiritual power ) અને જીવનસંસ્કૃતિ વિગેરે આત્માના અનેક ગુણોનો વિકાસ કરનાર છે; જેથી ભૂત અને વર્તમાનના વાચકો ઉપરાંત ભવિષ્યના વાચકોની સદાશા ઉપર તેમના આત્માના પારિણામિક ભાવોને સમર્પીએ છીએ. અને નૂતન વર્ષના તમામ લેખક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાશયોને નવીન લેખસામગ્રી સાથે પ્રેરક થવા વિનંતિ કરીએ છીએ. તેમ જ અન્ય વિદ્વાન વિચારક અને અભ્યાસક પ્રતિભાશાલી લેખકોને ઉત્તમ લેખોદ્વારા જૈનદર્શનની સેવા કરવા સાદર નિમંત્રીએ છીએ.

## ભાવના.

પ્રસ્તુતઃ સભા તરફથી **વસુદેવહિંડી** જેવા પ્રાચીન કથાનુયોગના પ્રાકૃત અપૂર્વ ગ્રંથના બે વિભાગો પ્રકાશિત થઇ ચૂકયા છે; ત્રીજો તૈયાર થાય છે. શ્રી **ભદ્રબાહુ**સ્વામીપ્રણીત **બૃહત્કલ્પ-સૂત્ર**નો ચોથો વિભાગ તૈયાર થાય છે. આ મહાન ગ્રંથોનું સંશોધનકાર્ય પૂ૦ પ્રવર્તકજી શ્રી **કાંતિ-વિજયજી** મહારાજના પ્રશિષ્ય વિદ્વાન મુ૦ શ્રી **ચતુરવિજયજી** તથા **પુણ્યવિજયજી**ને આભારી છે. તદુપરાંત શ્રી **ગુણચંદ્રગણિ**કૃત પ્રાચીન શ્રી '**મહાવીર ચરિત્ર**'નું ભાષાંતર તૈયાર થઇ ગયું છે અને પંચમ તથા ષષ્ઠ **કર્મગ્રંથ** મૂળ તથા **મલયગિરિ** વ્યાકરણ, ધર્માભ્યુદય કાવ્ય યાને સંઘપતિ-ચરિત્ર તૈયાર થાય છે. ભાષાંતરોના અન્ય ગ્રંથો પણ ગત વર્ષમાં બહાર પડેલ છે. નૂતન વર્ષમાં અન્ય ઉત્તમ ગ્રંથો વિશેષપણે પ્રકટ કરવાની અભિલાષા આ સમયે વ્યક્ત કરીએ છીએ.

## અંતિમ પ્રાર્થના.

જીવન અને મૃત્યુ એ શું છે ? ગુર્જરકવિસમ્રાટ સ્વ૦ **નરસિંહરાવ**ના શબ્દોમાં 'મૃત્યુ' એ જીવનસિંધુમાં બુદ્દબુદરૂપ છે. જેમ બુદ્દબુદ એ સિંધુ જ છે તેમ મૃત્યુ એ પણ જીવન જ છે; જીવ-નનું રૂપાંતર છે. પરમાર્થ દૃષ્ટિથી સનાતન જીવનનું સંવેદન થતાં મૃત્યુ એવો પદાર્થ રહેતો જ નથી. આ રીતે જીવન અને મૃત્યુ એક જ સિક્કાની બે બાજુઓ છે. જૈન પરિભાષામાં આત્મા અમર દ્રવ્ય છે; જીવન અને મૃત્યુ એ પર્યાયો છે. જ્યાંસુધી આત્મા કર્મ સહિત છે ત્યાંસુધી તેને જીવન મૃત્યુની પરંપરાઓ ચાલુ છે. એક વ્યક્તિને ત્યાં એક પુત્ર જન્મ લે છે એ જ પુત્ર પૂર્વજન્મમાં મૃત્યુ-પર્યાયમાંથી પસાર થયેલો હોય છે. આ પરંપરાઓ અટકાવવાની બ્રેક કઇ છે ? જીવન એ મર્યાદિત મટી, અખંડ અને અનંત થાય ત્યારે જ મૃત્યુ-પર્યાયનો વિનાશ થાય. વસ્તુસ્થિતિ આમ હોઈ, સંપૂર્ણ મુક્તત્વ, સંપૂર્ણ નિરામયતા, સંપૂર્ણ સુખ, સર્વોત્કૃષ્ટ ઉન્નતિ અને ક્રમિક વિકાસનો અંત ( End of evolution ) એ જ આત્માનંદનો પ્રકાશ છે. '**તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો**' એ કાવ્યનું આવિર્ભૂત સ્વરૂપ છે. આ અવસ્થા એ વાણીનો વિષય નથી. ઊઠો, કર્તવ્યમાર્ગમાં તૈયાર થાઓ, ઉચિત કર્તવ્યમાં પ્રતિદિન અપ્રમાદીપણે સામેલ રહો, અને તમારા પોતાના હાથે જ મુક્ત-સ્વતંત્ર બનો, એ જૈન દર્શનનો પ્રધાન ધ્વનિ છે. આત્મજાગૃતિ જેમ જેમ વધતી જશે તેમ તેમ આત્માના ક્ષાયોપશમિક ગુણો-તારા, નક્ષત્ર અને ગ્રહોની પ્રભા સૂર્યતેજમાં લય પામે તેમ-ક્ષાયિકમાં લય ( absorption ) થતા જશે; પરંતુ આ સિદ્ધ કરવાના નિમિત્તો બળવાન હોવા જોઇએ એ દૃષ્ટિએ પ્રસ્તુત ૩૬ મા વર્ષમાં ૩+૬=શ્રી **નવપદજીના** અધિષ્ઠાયક દેવ શ્રી **વિમળેશ્વર** દેવનું સ્મરણ કરી, એ દેવ વાચકોને જીવનમાં રસપૂર્તિ કરી સમસ્ત જીવનની પરમાત્મા સાથે અભેદ એકતા કરાવવા નવ-ચેતના પ્રકટાવવામાં સહાયભૂત થાય એ મંગલમય પ્રાર્થના સાથે ૩૬ ગુણો યુક્ત સ્વ. ગુરુવર્ય શ્રી **વિજયાનંદસૂરીશ્વરનું** પ્રેરણાબળ સવિશેષપણે નૂતન વર્ષમાં મેળવવા ઇચ્છી, **ભક્તામરની** પાદ-પૂર્તિરૂપ એક વિદ્વાનનો તેમનઃ તરફ ભક્તિરૂપે પ્રેરાયલો સ્તુતિશ્લોક સાદર કરી વિરમીએ છીએ.

**जैनेन्द्रदर्शनसमुद्रसुधाकराय, सिद्धांतसारकमलभ्रमरोपमाय ।**
**अज्ञानसुप्तजनजागरणारुणाय, तुभ्यं नमो जिनभवोदधिशोषणाय ॥ ॐ शांतिः ३**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આપણે છીએ ક્યાં?

લેખક:–પં. શ્રી સમુદ્રવિજયજી

**આ**જે જૈન સમાજમાં સર્વત્ર પર્વાધિરાજ શ્રી પર્યુષણા પર્વની ચર્ચા ચાલી રહેલી દૃષ્ટિગોચર થઇ રહી છે. આજે દોઢમાસનો ઘર છે, આજે મહિનાનો ઘર છે, આજે પંદરનું ઘર છે, આ વખતે શ્રી પર્યુષણા પર્વ સારી રીતે આરાધ્યું છે. અમુક મહારાજ છે એટલે અમો તો આમ કરશું અને તેમ કરશું.

શ્રી પર્યુષણા આવ્યા અને ગયા. શ્રી પર્યુષણાપર્વની સ્મૃતિરૂપ થોડા દિવસ ચર્ચા ચાલશે કે અમુકે દોઢમાસ કર્યું, અમુકે માસખમણ, અમુકે પાસખમણ કર્યું તો અમુકે અઠ્ઠાઇ કરી.

આ વખતે મહારાજશ્રી બહુ જ વિદ્વાન હોવાથી શ્રી કલ્પસૂત્ર બહુ જ સરસ સંભળાવ્યું, વ્યાખ્યાનમાં રસ ઘણો જ આવ્યો, ફલાણાએ અમુકની પ્રભાવના કરી તો અમુકે લ્હાણી કરી. જુઓને, ફલાણા એ તો બોલીઓમાં ખૂબ રંગ જમાવ્યો, વધી વધીને બોલીઓ લીધી. ફલાણાએ પારણાં કરાવ્યાં. ફલાણાએ કાંઇ ન કર્યું. ફલાણાએ સાધર્મિક વાત્સલ્ય કર્યું તો ફલાણાએ મોટો વરઘોડો ચઢાવ્યો. એ ફલાણે ઉપાશ્રયે ધમાલ થઇ. એ શ્રીફળો ઉછળ્યાં. ફલાણે મારામારી થઇ–ધમાલ વધી પડી.

પરંતુ સાચી પરિસ્થિતિ તરફ આપણું ધ્યાન નહીં ખેંચાય કે આજે આપણે છીયે કયાં? શ્રી પર્યુષણા પર્વ સફળ કેમ થાય? પર્યુષણા પર્વની સફળતા શામાં? આપણે કોણ હતા, આજે શું થઇ ગયા અને ભવિષ્યમાં શું થઇશું?

પર્યુષણાપર્વ એટલે કર્મ નિર્જરવાના દિવસો. પર્યુષણા પર્વ એટલે શાંતિથી તપ, જપ, જ્ઞાન, ધ્યાનપૂર્વક શાસ્ત્રશ્રવણ કરી આત્મસંશોધન કરવાના દિવસો. માંજેલા દર્પણ સમાન આત્માને ઉજ્જવલ બનાવવાના દિવસો. સીદાતા સાધર્મિક બંધુઓને ઉન્નત બનાવી ધર્મમાં સ્થિર કરવાના દિવસો. પર્યુષણા એટલે પરસ્પર મેલ કાઢી મેળ કરવાના દિવસો. કષાયોને શોષવાના દિવસો. અપરાધોની માફી માંગવી, માફી આપવાના દિવસો. પર્યુષણા એટલે ચૈત્યપરિપાટી આદિ પાંચ કર્તવ્યોને આરાધવાના દિવસો, પણ આપણે આપણી છાતી ઉપર હાથ મૂકીને શાંતચિત્તે વિચાર કરીશું તો આપણો અંતરાત્મા ધીમે સાદે જવાબ આપશે કે આપણે આ બાબતોથી ઘણા જ દૂર થઈ રહ્યા છીયે. આપણાં વડીલો કરતાં આપણામાં ધર્મ, જ્ઞાન, શ્રદ્ધા, ભાવભક્તિ, સંઘશક્તિ આદિ નહીં જેવાં જ છે.

આપણા વડીલો ધાર્મિક કાર્યોમાં, તીર્થોની રક્ષા કરવામાં, સમાજોન્નતિ કરવામાં, સીદાતા સાધર્મિક બંધુઓનો ઉદ્ધાર કરવામાં, દીન–દુઃખી–અનાથોની સહાય કરવામાં ખડે પગે ઊભા રહેતા, રાજદરબારમાં એમની હાક વાગતી.

પૂર્વાચાર્યો, રાજા, મહારાજા, સમ્રાટોને પ્રતિબોધી આપણી પડહ વગડાવતા. હજારો લાખો અજૈનોને જૈનો બનાવી પુનિત જૈન ધર્મનો ઝંડો ફરકાવતા. ત્યારે આજે આપણે આપણી પ્રાચીનતા, પ્રમાણિકતા, શ્રદ્ધાલુતાનો પણ વિશ્વાસ આપવા સમર્થ છીએ? આજે આપણે છીયે કયાં એ વિષય વિચારવાને આપણને ફુરસદ છે?

પર્યુષણાપર્વ આરાધવાનો અર્થ એ જ છે કે આપણે કર્તવ્યપરાયણ બનીએ. શ્રી પર્યુષણા પર્વ એ ઉજ્જ્વલ દર્પણ છે. એમાં આપણને આપણી ખામીઓ દેખાશે. આવો, એકત્રિત થાઓ. આપણે આપણી (અમે અમારી) ખામીઓને દૂર કરવા પ્રયત્નશીલ થઇએ. આપણામાં–અમારામાં કંઇ જ્ઞાન, બલ, શક્તિ છે, સમય અનુકૂલ છે, તારું મારું ફગાવી દઇને કેવલ ભગવાન મહાવીરદેવના ઉપર શ્રદ્ધા રાખીને, એમના વચનો પર વિશ્વાસ કરીને ઐક્યતા સાધી આપણે છીએ કયાં? એનો વિચાર કરીએ અને ફરીથી સંસારમાં પ્રભુ મહાવીરના ધર્મનો વિજય વાવટો ફરકાવીએ. પર્વાધિરાજ શ્રી પર્યુષણા પર્વ સફળ કરી આત્મકલ્યાણ સાધીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માનવ જીવનની મહત્વતા

લે૦ આચાર્ય શ્રી
વિજયકસ્તૂરસૂરિજી

માનવ જીવનનો સમય અમૂલ્ય છે. સમયની કિંમત ન જાણવાથી જ મનુષ્યોનો સમય વ્યર્થ ચાલ્યો જાય છે, અને એટલા માટે જ મનુષ્યોના આત્મકલ્યાણમાં વિલંબ થઈ રહ્યો છે. વકીલ-બેરીસ્ટરો વિગેરે તો પોતાના સમયને નકામો જવા દેતા નથી, કારણ કે તેઓ કોઈ પણ સલાહ લેવા આવે તો તેની સાથે ફી લીધા સિવાય વાત-ચીત કરતા પણ નથી. તેની પાસેથી મિનિટે મિનિટના પૈસા લઈ લે છે, પણ પૈસાથી મનુષ્ય જીવનની વાસ્તવિક સફળતા થઈ શકતી નથી.

જે માણસો પોતાના અમૂલ્ય સમયને પૈસાને માટે વેચી નાખે છે તેઓ પૈસાથી ભવિષ્યમાં થવાવાળા માઠાં પરિણામને સમજી શકતા નથી, અને પૈસો જ એકઠો કરવામાં પોતાનું આખું ય જીવન વેડફી નાખે છે. આવા માણસો માનવ જીવનમાં મેળવેલા પૈસાથી કાંઈક પૌદ્ગલિક સુખો પ્રાપ્ત કરી શકે છે; પરંતુ કલ્યાણના માર્ગથી ભ્રષ્ટ થવાથી આત્માને દુર્ગતિના દુઃખોમાંથી બચાવી શકતા નથી.

ધનવાન માણસોને મરતી વખતે એકઠું કરેલું ધન છોડી જવું પડે છે જેથી ફરી તેમને કોઈ પણ પ્રકારનો લાભ મળતો નથી. ઉલટું તે ધન તેમને ચિંતા તથા શોક વધારવાવાળું થાય છે. એટલા માટે જેઓ ધન તથા માન માટે પોતાના અમૂલ્ય જીવનને વેચી નાખે છે તેઓ ભલે પોતાને બુદ્ધિમાન સમજે, પણ તેમનામાં બુદ્ધિનો અંશ પણ હોતો નથી. બુદ્ધિમાન તો તેને જ કહી શકાય કે જે જીવનનાં અમૂલ્ય સમયને અમૂલ્ય કાર્યમાં ખર્ચે અને અમૂલ્ય કાર્ય પણ તે જ કહી શકાય કે જેનાથી અમૂલ્ય વસ્તુની પ્રાપ્તિ થાય. આ અમૂલ્ય વસ્તુ વીતરાગભાષિત ધર્મનું આરાધન કરીને આત્મવિકાસ કરી પરમાત્મ સ્વરૂપની પ્રાપ્તિ કરવી, અર્થાત્ વીતરાગ દશા પ્રાપ્ત કરી મુક્તિ મેળવવી તે છે.

ખેદની વાત છે કે ઘણાખરા માણસો પોતાના અમૂલ્ય સમયને સોગઠાબાજી-ઓના, સતરંજ આદિ રમતો રમવામાં, સિનેમા-નાટક જોવામાં, સંસારના ભોગવિલા-સમાં, નિદ્રામાં, આલસમાં અને પ્રમાદમાં વ્યર્થ ખોઈ નાખે છે. કેટલાક અજ્ઞાની જીવો ચોરી, વ્યભિચાર, અસત્ય તથા માયા-પ્રપંચ આદિ ખોટા કામોમાં વ્યતીત કરીને આ લોક તથા પરલોક બંને લોકથી ભ્રષ્ટ થઈને ઘણા જ દુઃખી થાય છે અને કેટલાક માણસો મદ્ય-માંસાદિ અભક્ષ્ય વસ્તુઓ વાપરવામાં જ જીવન સમાપ્ત કરીને નરકનાં દુઃખો ભોગવે છે. મનુષ્યોને ઉચિત તો એ છે કે પોતાના માનવ જીવનનો પ્રત્યેક સમય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમાત્મસ્મરણમાં જ વ્યતીત કરવો જોઇએ–એક ક્ષણ પણ વ્યર્થ ન જવા દેવો જોઇએ. પાપ તથા પ્રમાદમાં સમય વ્યતીત કરવો એ અત્યંત અજ્ઞાનતા છે.

વાસ્તવિકમાં મનુષ્યો પૈસાનો જેટલો ઉપયોગ કરી જાણે છે તેટલો ઉપયોગ સમયનો કરી જાણતા નથી. જો પૈસા જેટલું કિંમતી અને ઉપયોગી માનવ જીવનને સમજતા હોય તો એક ક્ષણ પણ પરમાત્માના સ્મરણ વગર ખાલી ન જવા દે.

આપણે દાખલા તરીકે પંદર રૂપિયાના હિસાબે મોટર ભાડે કરીને કોઇ મુસાફરીયે નીકળ્યા હોઇએ અને રસ્તામાં કોઈ સંબંધી સાથે ખાસ જરૂરી વાત કરવા મોટર ઉભી રાખવી પડે તો તે વખતે આપણે વાતને જલદીથી ટૂંકાણમાં પતાવવા માંગીએ છીએ, વાતોમાં વધુ સમય ગાળવા ઇચ્છતા નથી; કારણ કે તે વખતે આપણું ધ્યાન મોટરના ભાડાના પૈસા પર લાગેલું હોય છે. આ ઉપરથી આપણે જાણી શકીએ છીએ, કે આપણે પૈસાની જેટલી કિંમત અને ઉપયોગિતા સમજ્યા છીયે તેટલી કિંમત અને ઉપયોગિતા માનવ જીવનના સમયની સમજી શકયા નથી.

જેમ આપણું ધ્યાન મોટરમાં બેઠા પછી મોટર ઉભી રાખી કોઇની સાથે વાત કરતી વખતે પૈસામાં વળગ્યું

## કવિ અને

શાલિની.

ભેદી નાંખી ગાઢ અંધાર દૂર,
રેલાવે જે વિશ્વમાં તેજપૂર;
પેસે ના જ્યાં [1]રશ્મિઓ તે રવિના,
વ્યાપે છે ત્યાં કાવ્યકિર્ણો કવિના. ૧

જેની પાસે ચંદ્ર ઝાંખો પડે છે,
તારાવૃંદો મ્હોં છુપા થૈ ફરે છે;
તેજોધામ વ્યોમ[2]કેરો નરેશ,
એવો ભાનુ જ્યાં ન પામે પ્રવેશ; ૨

આત્માના તે ગૂઢ ઊંડાણમાંહી,
લોકો કેરા અંતરોમાં ય કયાંહી;
સ્વચ્છંદેથી વિહરે છે કવીશ,
ત્યાંથી તેને વારવા કોણ [3]ઇશ? ૩

નર્કોમાં જ્યાં નિત્ય છે અંધકાર,
સ્વર્ગોમાં જ્યાં રત્નપુંજો ઉદાર;
લોકાગ્રે જ્યાં મુક્ત બિરાજનાર,
ત્યાં ભાનુનો લેશ છે ના પ્રસાર. ૪

તે તે સ્થાને કલ્પના–અશ્વ પીઠે,
આરોહીને કોઇના વિણ દીઠે;
ઊંચે ઊડે વાયુયેગે રસેંદ્ર,
ઘૂમે જાણે ગંધધારી ગજેંદ્ર! ૫

જે અબ્જોને વિકસાવે દિનેશ,
સંકોચાવે ચંદ્ર તેને અશેષ;
હૃત્પદ્મો જે ઉઘડાવે કવીન્દુ,
ના ખીલાવે ભાનુથી તેહ બિન્દુ. ૬

ઉષાસ્વામી[4] સૌ જનોને જગાડે,
ના તેઓની ભાવનિદ્રા ભગાડે;
ફૂંકી મંત્રો ભાવનાના કવીન્દ્ર,
ઉડાડે છે વિશ્વની ભાવનિંદ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંશુમાલી[4] ઉગ્ર ભારી કરોથી,
પાણી શોષે સૌ નદો ને [5]હ્રદોથી;
વર્ષાવીને કાવ્ય-વર્ષા જનોમાં,
પાણી[6] પોષે સત્‌કવિ સૌ [7]હૃદોમાં. ૮

તે ભાનુ તો ઉષ્ણ રશ્મિ પ્રતાપે,
સૌ લોકોને ખૂબ સંતાપ આપે;
રેલાવીને સત્કવિ કાવ્યધારા,
ટાળી નાંખે ચિત્તતાપો અકારા. ૯

નક્ષત્રો ને પંક્તિઓ તારકોની,
વર્ત્તે છે જ્યાં શ્રેણી જાણે બકોની!
આકાશી તે નિર્જળા જાહ્નવીમાં,
એકાકી તો ન્હાય છે તે રવિ ત્યાં. ૧૦

કલ્લોલો જ્યાં ઉલ્લસે કલ્પનાના,
વર્ત્તે વારિ[8] જ્યાં રસોરૂપ [9]નાના;
ઝીલી એવી કાવ્ય-ગંગાનદીમાં,
ઝીલાવે છે અન્યને યે કવિ 'હ્યાં. ૧૧

માલિની.

ગતિ પણ રવિની જ્યાં સાવ રૂંધાઈ જાયે,
મતિ ગતિ કવિની ત્યાં ના જરી મુંઝવાયે;
રવિ નહિં કવિ તોલે એમ કોને ન ભાસે?
કવિજન **મનનંદી**[10] વિશ્વ એવો પ્રકાશે.૧૨

ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા.

રવિ

૧. કિરણો. ૨. આકાશ. ૩. સમર્થ. ૪. સૂર્ય. ૫. ઝરાઓમાંથી. ૬. સત્ત્વ (spirit), ઓજસ્વિતા. ૭. હૃદયોમાં. ૮. જલ. ૯. જ્યાં નાના પ્રકારના રસરૂપ જલ છે. ૧૦. લોકના મનને આનંદ ઉપજાવનાર.

રહે છે, તેવી જ રીતે સંસારના પ્રત્યેક કાર્ય કરતી વખતે આપણા અમૂલ્ય જીવનની પ્રત્યેક ક્ષણ મુખ્યપણે શ્રદ્ધા અને ભક્તિપૂર્વક પરમાત્મ-સ્મરણમાં જ વળગી રહેવી જોઇએ.

જીવનની પ્રત્યેક ક્ષણમાં પરમાત્માનું સ્મરણ કરનારનો આત્મા શીઘ્ર પરમાત્મસ્વરૂપ બની શકે છે. અને પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરવાની ક્ષણો પરમ અમૂલ્ય ગણાય છે. જેટલી ક્ષણ આત્મવિકાસ કરવા પૂર્ણ-વિકાસી પરમાત્માના સ્મરણમાં વપરાય છે તેટલી જ ક્ષણો માનવ જીવનમાં ઉત્તમ અને કિંમતી કહી શકાય છે, માટે મનુષ્યોએ શ્રદ્ધા તથા પ્રેમપૂર્વક નિરંતર પરમાત્માનું સ્મરણ કરવાનો અભ્યાસ કરવો જોઇએ, જેથી કરી માનવ જીવન સફળ બની શકે. જો કે પ્રેમ અને શ્રદ્ધાની મંદતાને લઇને આખા ય માનવ જીવનમાં પરમાત્માનું સ્મરણ કરવા છતાં પરમાત્મસ્વરૂપ ન બની શકાય તો પણ પરમાત્મસ્વરૂપનું અંતર તો ઓછું થાય છે-અર્થાત્ પરમાત્માની નજદીક તો થવાય જ છે.

અફસોસની વાત છે કે આપણે પરમાત્માના સ્મરણની કોડીયે જેટલી પણ કિંમત સમજતા નથી. ધારો કે, એક માણસને વાર્ષિક આવક પચાસ હજાર રૂપિયાની છે, તો મહિને લગભગ સવા ચાર હજાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયા. રોજના–ચોવીસ કલાકના દોઢસો, એક કલાકના છ, અને એક મિનિટના દસ પૈસા થયા. એક મિનિટમાં ઓછામાં ઓછું સો વખત પરમાત્માનું નામ સ્મરણ થઈ શકે છે તો એક પૈસાના દશ પ્રભુનાં નામ થયાં. કેટલાં સસ્તાં ! આટલું સોંઘું પ્રભુનું નામ હોવા છતાં માણસો પૈસો મેળવવા પ્રયત્ન કરે છે, પણ પ્રભુનું નામસ્મરણ કરતાં નથી. તો પછી કોડીયો જેટલી પણ કિંમત પરમાત્માના નામની કયાં સમજાય છે? માણસો કહે છે કે અમને પરમાત્મા ઉપર પૂર્ણ શ્રદ્ધા છે. પરમાત્માનું નામ અમૂલ્ય છે તે કેવી રીતે માની શકાય? આ તો પચાસ હજારની આવકવાળાને માટે કહ્યું, પરંતુ એનાથી પણ ઓછી બે હજાર, હજાર કે સોની આવકવાળાં માટે પરમાત્માનાં નામ કેટલાં સસ્તા છે તે વિચાર કરવાથી સ્પષ્ટ જણાઇ આવશે.

કંચન–કામિની, માન–મોટાઇ અને પ્રતિષ્ઠાની આસક્તિમાં ફસાઇને જેઓ પોતાનો અમૂલ્ય સમય વ્યતીત કરે છે તેમનો સમય અને પરિશ્રમ નકામો જાય છે એટલું જ નહીં પણ તેમના આત્માનો અધઃપાત થાય છે. ધનની આસક્તિમાં ફસાયલો લોભી માણસ અનેક પ્રકારના અનર્થ કરીને ધન કમાય છે, અને ધન કમાયા પછી ધનને હંમેશા કાયમ રાખવા ઘણો જ કલેશ અને પરિશ્રમ કરે છે. આવા ધનાસક્ત માણસને પુન્ય-માર્ગે ધન વાપરતાં ઘણું જ દુઃખ થાય છે. છેવટે મરતી વખતે બધું ય છોડીને જવું પડે છે ત્યારે તો મરણથી પણ વધારે કષ્ટ અનિચ્છાએ ધન છોડતાં થાય છે. આવા ધનના આસક્ત થયેલાને સદ્‌ગતિ મળી શકતી નથી.

જેવી રીતે ધન કમાવાની તૃષ્ણા ધર્મહીન બનાવી આત્માનો અધઃપાત કરવા-વાળી છે, તેવી જ રીતે સ્ત્રીસંગની ઇચ્છા પણ તેનાથી વધારે આત્માનો અધઃપાત અને અકલ્યાણ કરવાવાળી છે, તો પછી પરસ્ત્રીગમનનું તો કહેવું જ શું? પરસ્ત્રીગમન અત્યન્ત નિંદનીય અને આત્માને મલિન બનાવી ઘોર નરકમાં લઈ જનારું છે.

સ્વદારાસંતોષી સંસારી માણસ આસક્તિ રહિત થઇને જો સ્વસ્ત્રીનું સેવન કરે તો તે કાંઇક સ્વશ્રેય સાધી શકે ખરો, પણ અત્યંત આસક્તિવાળો ગૃહસ્થ સ્વદાર-સંતોષી હોવા છતાં સ્વશ્રેય સાધી શકતો નથી. આ કાર્ય–મન, વચન અને કાયાથી વિષયત્યાગી બનવું–ઘણું જ કઠણ છે, કારણ કે કેવળ આત્મશ્રેય કરવા સઘળું ય છોડી દઇને વિરક્ત બનેલા ત્યાગી પુરુષોના મનને પણ ઇંદ્રિયો બળાત્કારે વિષયો તરફ ઘસડી જાય છે, તો પછી સંસારમાં રહેલા વિષયાસક્ત પામર પ્રાણીયોનું તો કહેવું જ શું ?

જેમ મૂર્ખ રોગી જીભના સ્વાદને વશ થઇને કુપથ્ય કરી મરી જાય છે, તેવી જ રીતે કામી પુરુષ અત્યંત વિષયાસક્ત થઇને સ્ત્રીનું અમર્યાદિત સેવન કરીને પોતાનો નાશ કરી નાંખે છે. વિલાસની બુદ્ધિથી સ્ત્રીનું સેવન કરવાથી કામની તીવ્રતા થાય છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને કામનો વેગ વધવાથી બુદ્ધિનો નાશ થાય છે. કામથી મોહિત થયેલો બુદ્ધિહીન પુરુષ મનમાન્યું વિપરીત આચરણ કરીને પોતાના આ લોક અને પરલોક સંબંધી સર્વ સુખોનો નાશ કરીને આત્માનું અત્યંત અશ્રેય સાધે છે.

સ્રીનું સેવન કરવાથી બળ, વીર્ય, બુદ્ધિ, તેજ, ઉત્સાહ, સ્મૃતિ અને અન્ય સદ્ગુણોનો નાશ થાય છે અને શરીરમાં અનેક પ્રકારના રોગોની વૃદ્ધિ થઇને મનુષ્ય મૃત્યુ પાસે પહોંચી જાય છે. આ લોકના સુખ, કીર્તિ અને ધર્મને ખોઇ નાંખીને માઠી ગતિમાં ચાલ્યા જાય છે એ જ આત્માનું અધઃપતન છે. એટલા જ માટે સાધુપુરુષો કંચન અને કામિનીનો મનોવૃત્તિમાંથી અને બહારથી સર્વથા ત્યાગ કરે છે. વાસ્તવિકમાં તો મનોવૃત્તિમાંથી ત્યાગ થવો તેનું જ નામ ત્યાગ છે. અને આવો વૃત્તિત્યાગ તો મમતા, અભિમાન અને આસક્તિથી રહિત થયેલો મનુષ્ય જ કરી શકે છે.

માન, મોટાઇ અને પ્રતિષ્ઠાની જાળમાં તો સંસાર છોડીને આત્મશ્રેય કરવાવાળા પુરુષો પણ ફસાઈ જાય છે. મોટા બનવાની અને જગતમાં પ્રસિદ્ધ થવાની ઇચ્છા તો આત્મસાધન કરનારાઓને પણ છોડતી નથી. માન, મોટાઇ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય છે ત્યારે તો તેમને ઘણું જ અમૃત જેવું મીઠું લાગે છે પણ પરિણામે તે જ માન-સત્કાર તેમનું વિષથી પણ વધારે અનિષ્ટ કરવાવાળા થાય છે, કારણ કે વિષ તો કેવળ દેહનો જ નાશ કરે છે, અને માન-મોટાઇ તેમના આત્માનો સર્વનાશ કરે છે. અજ્ઞાનતાથી કરવામાં આવતી માન-મોટાઇની સ્પૃહા સારા સારા માણસોના ચિત્તને પણ હલાવી નાખે છે, માટે કંચન-કામિની, માન-મોટાઇના મોહમાં ફસાઇ જઇને પોતાના અમૂલ્ય માનવ જીવનને ન ગુમાવી આત્મશ્રેય કરવું જોઈએ.

મનુષ્ય જીવનનો પ્રત્યેક શ્વાસોચ્છ્વાસ ઘણો જ કિંમતી છે. તેની પ્રશંસા જ થઇ શકતી નથી, કારણ કે પૂર્વજન્મના પ્રબલ પુણ્યથી જ આર્ય દેશ, ઉત્તમ જાતિ, ઉચ્ચ કુળ આદિ સામગ્રી મળી છ જેનો સદુપયોગ કરી માનવી પોતાનું શ્રેય સાધી શકે છે. ચક્રવર્તીની સંપત્તિ આપવા છતાં પણ માનવ જીવન એક ક્ષણ પણ પ્રાપ્ત થઈ શકતું નથી માટે ધનની તૃષ્ણામાં અને જડાત્મક સુખમાં જેઓ પોતાના અમૂલ્ય સમયને ખોઇ નાંખે છે તેમને અંતે અવશ્ય પશ્ચાત્તાપ કરવો પડે છે.

માનવીઓએ મોહરૂપીમ દિરાનો નિશો કરેલો હોવાથી ઉત્તમ-મહાપુરુષો વારંવાર ઉપદેશ આપી જગાડે છે છતાં જાગતા નથી, અને અનાદિ કાળથી કરતા આવ્યા તે જ પ્રવૃત્તિઓમાં રાત્રિદિવસ વ્યતીત કરી રહ્યા છે, જેથી કરી આધિ-વ્યાધિ, જન્મ, જરા, મરણના દુઃખોથી છૂટી શકતા નથી, માટે વીતરાગના વચનો ઉપર શ્રદ્ધા રાખી મોહનો નિશો ઉતારીને વીતરાગના માર્ગ ઉપર ચાલે તો અવશ્ય દુઃખોમાંથી છૂટી જઈ શાશ્વત સુખ મેળવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આપણા પર્વો

લેખક ચોકસી

**પર્વો** એટલે પવિત્ર દિવસો, ધર્મકરણીના દિવસો અથવા તો આનંદના દિનો એવો સામાન્ય પ્રકારે અર્થ થાય છે. વળી અન્ય તીર્થીઓના પર્વોથી જૈનોના પર્વો કેટલીક બાબતમાં જુદા પડે છે. જૈનધર્મ મુખ્યતયા આત્મિક શ્રેય તરફ દોરનાર હોવાથી એ ત્યાગપ્રધાન છે એટલે એના પર્વોમાં ત્યાગવૃત્તિ કેળવવાની, ઇચ્છાનો વિરોધ કરવાની અથવા તો આરંભ–સમારંભ ઓછો કરવાની ભાવના સવિશેષ રમતી નયનપથમાં આવે તેમ છે. વસ્તુતઃ વિચાર કરતાં આમાં સમાયેલ રહસ્ય પણ સહજ ગળે ઉતરે તેમ છે. રોજના કરતાં પર્વદિને આત્મા વધારે ધર્મ સન્મુખ થાય અથવા તો વધારે આત્મનિરીક્ષણ કરી, દોષજનક પ્રવૃત્તિથી વેગળો થાય એ જ ઇષ્ટ છે. તો જ પર્વ માન્યાની સફળતા છે. સમજુઓ માટે પર્વની જુદી અગત્ય ન જ હોય, છતાં બાળજીવોને એ માર્ગે સુપ્રમાણમાં આકર્ષી શકાય છે અને જે કાર્ય રોજ ન બની શકતું હોય તે આવે ટાણે મોટા ભાગને માટે શક્ય બની જાય છે. આમ પર્વસ્થાપનામાં મહાન્ ઉદ્દેશ રહ્યો છે.

પર્વોમાંના કોઈ જ્ઞાન–આરાધન અર્થે હોય છે તો કોઈ વળી ચારિત્રસુધારણાની પુષ્ટિ કરે છે. અન્ય તપવૃદ્ધિના હેતુભૂત હોય છે; જ્યારે કેટલાક તીર્થંકરની જન્મતિથિરૂપ હોઇ એ દ્વારા તેમના જીવનવૃત્તની ઝાંખી કરાવનારા હોય છે. વળી ઘણાખરામાં કેવળ એ વેળા ઉપવાસાદિ તપ કરી, સારાયે સમય જ્ઞાનાર્જન, ધર્મ ક્રિયાકરણ અને આત્મચિંતનમાં વ્યતીત કરવાનો હોય છે. કષાય પ્રમુખ દોષોનું નામ એ વેળા સ્વપ્નમાં પણ યાદ કરવાનું નથી તો એનું પ્રત્યક્ષ સેવન તો સંભવે જ શી રીતે ? થોડાકમાં તપને સ્થાને જમણ દેખાય છે, છતાં એમાં સાત્વિક આહારને વિસારવાપણું તો ન જ સંભવી શકે.

વર્ષમાં બે વાર આયંબિલ કરવાના ખરા પ્રસંગો આવે છે જે વેળા એક વાર નિરસઆહાર કરી નવ દિન ધર્મકરણીમાં વ્યતીત કરાય છે. આમ પર્વોની વિવિધતા છે.

વળી પ્રત્યેક માસની બે આઠમ અને બે ચૌદશ (શુકલ તથા કૃષ્ણ) તથા પૂર્ણિમા અને અમાવાસ્યા તો પર્વણી તરીકે જ ઓળખાય છે. એ તિથિ દિવસે વ્રતધારી આત્માઓ જરૂર કંઇ ને કંઇ વ્રત–નિયમ ધારે છે–ઉપવાસાદિના પચ્ચખાણ લે છે. સામાન્ય રીતે આ દિવસો અને આવા બીજા દિવસો તપ આરાધન માટેના છે.

૧. નવું વર્ષ (કા. શુ. ૧) આ દિનનું માહાત્મ્ય જૈનોમાં ઉભય રીતે છે. એક તો પ્રાતઃકાળમાં પ્રભુશ્રી મહાવીરદેવના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીને કેવળ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન થયું હતું તે માટે કલ્યાણુક દિન તરીકે તેમજ આગળની અમાવાસ્યાની પાછલી રાત્રિમાં ભગવાન મહાવીર મુક્તિ પામ્યા ત્યારથી વીર સંવત્સર પ્રવર્ત્યો તેનો પ્રથમ દિવસ પણ આ હોવાથી અને બીજું કારણ તો શ્રી વિક્રમ સંવત્સરની શરૂઆત પણ આ દિનથી થતી હોવાથી સુપ્રસિદ્ધ છે. આ આનંદના દિન તરીકે ઉજવાય છે. મનુષ્ય પવિત્ર થઈ દેવદર્શન કરવા સારુ સવારમાં વેળાસર નિકળી પડે છે. પરસ્પર જયજિનેંદ્ર, નમસ્કાર વા સાલ મુબારક કરે છે અને ખાસ કરી ગુરુ પાસે જઈ શ્રી ગૌતમસ્વામીનો રાસ યા છંદ શ્રવણ કરે છે.

૨. ભાતૃબીજ—ભાવનબીજ (કા. શુ. ૨). શ્રી મહાવીરદેવના કાળધર્મ પામ્યાથી તેમના વડિલભ્રાતા નંદિવર્ધનને શોક થયો હતો જે તેમની ભગિની સુદર્શનાએ આ દિને પોતાને ત્યાં જમવા આમંત્રી મુકાવ્યો ત્યારથી આ પર્વ પ્રવર્ત્યું. આ પણ આનંદ-પ્રમોદનો દિન છે.

૩. સૌભાગ્ય પંચમી યાને જ્ઞાન-પંચમી (કા. શુ. ૫). ખાસ કરી આ દિવસ જ્ઞાન-આરાધના અર્થે પસંદ કરવામાં આવ્યો છે. મુખ્ય હેતુ તો એમાં એ પણ છે કે ચોમાસું પસાર થયું હોવાથી ભંડારોમાં સાચવી રાખેલ પ્રત-પુસ્તકોને સૂર્યના પ્રકાશમાં ગોઠવવા કે જેથી ભેજ હવા આદિ ઊડી જાય તેમજ આત્માનો જે મુખ્ય ગુણ જ્ઞાન તેની ખીલવણી થાય. એની પૂજા પ્રભાવના કરવાથી જ્ઞાનાવરણીય કર્મ તોડવાની શુભ ભાવના પણ આ પર્વની ઉજવણીમાં સમાયેલી છે. આ દિને દરેક વ્યક્તિએ યથાશક્તિ તપ કરી મતિ આદિ પાંચે જ્ઞાનના આરાધન માટે સારોયે દિવસ દ્રવ્ય-ભાવ-પૂજન ઉપરાંત કાયોત્સર્ગ અને નવકારવાળીદ્વારા જાપમાં વ્યતીત કરવાનો છે. ચાલુ સમયે આ દિને દરેકે દરેક ઉપાશ્રયમાં જ્ઞાનના સાધનો ઠવણી-ચંદ્રવાદિની સામગ્રી સહિત ગોઠવવામાં આવે છે. લોકો તે સન્મુખ ધૂપ-દીપ ધરે છે, નૈવેદ્ય-ફળ ઢોકે છે અને અક્ષતે વધાવે છે તેમજ વાસક્ષેપ-પુષ્પવડે તેની પૂજા કરે છે. વળી ખાસ કરી કાગળના ભુંગળા ને બરાના ટુકડા મૂકે છે. આ પ્રથા અસલની રહસ્યમય પ્રણાલિકાનું લીસોટારૂપ આચરણમાત્ર છે.

દેશ-કાળ પર લક્ષ દોડાવી આજે જ્ઞાનપૂજનનો વિસ્તાર જુદી રીતે કરવો જોઈએ. છાપવાની શોધ પછી ગ્રંથ પ્રગટ કરવામાં ઘણી સરલતા થઈ છે, એટલે હવે માત્ર જ્ઞાનને ભંડારમાં બંધ કરી રાખવાને બદલે પાશ્ચિમાત્ય દેશની પદ્ધતિ પ્રમાણે વિશાળ લાયબ્રેરી યાને પુસ્તકાલય તરિકે સુંદર મકાનની પસંદગી કરી સારા કબાટોમાં રાખવું ઘટે અને એ મૂકવા લેવા માટે તેમજ સર્વ કોઈ જિજ્ઞાસુ તેનો છૂટથી ને સરળતાથી લાભ લઈ શકે તેવો ઉચિત પ્રબંધ કરવો જોઈએ. જ્ઞાનપંચમી ભલે મુખ્ય પર્વ રહે, બાકી આત્માના પ્રધાન ગુણરૂપ જે જ્ઞાન એની પૂજા-આરાધના સતત થાય એ હેતુથી ઠેર ઠેર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરસ્વતીના મંદિર ઊભા કરવા જોઈએ. એક પૂજ્ય સૂરિમહારાજના વચન અનુસાર કહીએ તો પ્રત્યેક દેવમંદિર કે જ્યાં વીતરાગની ધ્યાનસ્થ મુદ્રા-વાણી મૂર્તિ બિરાજતી હોય છે ત્યાં એ જ વીતરાગદેવે દર્શાવેલ આત્મકલ્યાણના માર્ગને સમજાવનાર આગમ–સંગ્રહ અર્થાત પુસ્તક-સંગ્રહ પણ અવશ્યમેવ હોવો જોઇએ. અરિહંતદેવના અનેકાંત માર્ગને સમજવાના સાધનોમાં વર્તમાનકાળે મુખ્યતા 'મૂર્તિ અને આગમ'ની જ છે.

ઉપરનો રસ્તો માત્ર સૂચનરૂપ છે. બાકી વીસમી સદીના વિજ્ઞાનયુગમાં જ્ઞાન-પ્રચારના ઘણા ઘણા સુંદર માર્ગો પ્રચલિત છે કે જેનો લાભ જૈન સમાજ પણ વિના-સંકોચે લઈ શકે છે અને એ દ્વારા શ્રી તીર્થંકર પરમાત્માની અમોઘ વાણી માત્ર હિંદુસ્તાનમાં જ નહિ પણ પાશ્ચિમાત્ય દેશોમાં અને સારાયે વિશ્વમાં એટલે કે અમેરિકા, ઑસ્ટ્રેલિયા અને આફ્રિકાના ખૂણામાં પણ ફેલાવી શકે છે. એના પાનથી કોટિગમે જીવો કલ્યાણસાધક બનવા સુલભ છે. વળી સર્વજ્ઞદેવની અનુપમ વાણીને ભિન્નભિન્ન ભાષાઓમાં ઉતારી અતિશય સસ્તી કિંમતે પ્રચાર કરવો ઘટે કે જેથી માત્ર તે વિદ્વાન કે શ્રીમંતોના ઉપયોગનું સાધન ન બની રહેતાં સામાન્ય કક્ષામાં વર્તતા જીવો માટે અને ઓછી કમાણીવાળા લોકો માટે પણ ભોગ્ય બને. જ્ઞાની પુરુષોએ સ્વસિદ્ધાંતો સંસ્કૃત જેવી પંડિતભોગ્ય ગિરામાં ન રચતાં પ્રાકૃત જેવી સાદી વાણીમાં સરજ્યા એનો હેતુ તો એટલો જ કે એનો લાભ બાળજીવો અને મંદ બુદ્ધિવાળા આત્માઓ પણ લઈ શકે. જ્ઞાનપર્વનું સુંદર આરાધન ઉપરોક્ત પંથે ગયા વિના ક્યાંથી થઈ શકે?

—અપૂર્ણ

આ ક્ષણિક અને પરિવર્તનશીલ જગતમાં સઘળા પદાર્થો પોતાની જીર્ણતા અને નાશદ્વારા પ્રાણીમાત્રને ચેતાવી રહ્યા છે કે મોહ, મમતા છોડીને પોતાનું શ્રેય કરો. અમારાથી તમારી કાંઈ પણ કામના પાર પડવાની નથી, છતાં વિષયાસક્ત પ્રાણીયો ક્ષણભંગુર પદાર્થોને વળગતા જ જાય છે. ઘડિયાળ પણ આપણને પ્રત્યેક મિનિટે ચેતાવતી રહે છે કે ચેતો! જીવનના ક્ષણો નિરર્થક ચાલ્યા જાય છે, તો પણ માનવીઓ તે તરફ ધ્યાન આપતા નથી. માનવીનું શરીર તથા બાળ, યુવા, વૃદ્ધ આદિ અવસ્થાઓનું પરિવર્તન, ઇંદ્રિયોની ક્ષીણતા અને બીમારીયો વિગેરે માનવીઓને પ્રત્યેક ક્ષણે મોતનું સ્મરણ કરાવે છે તો યે સાવધાન થતા નથી.

—આ૦ શ્રી વિજયકસ્તૂરસૂરિજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વાં * ચ

## સ * કા * ર :: સત્સંગ

અનુ : અભ્યાસી. B. A.

( ગતાંક પૃષ્ઠ ૨૫૪ થી શરૂ )

સ્થાન, અન્ન, જળ વિગેરે ઉપર્યુક્ત દસ વસ્તુઓ સારી હોય તો સત્સંગનું કામ કરે છે. તેનો નિર્દેશ કરી ચૂકયા છીયે. જે વસ્તુઓથી આપણા અંતઃકરણમાં રહેલા દુષ્ટ વિચારોનો નાશ થઇને સદ્વિચારોની ઉત્પત્તિ થાય છે અને ચિત્તવૃતિની ગતિ ભગવાન તરફ થવા લાગે છે તે વિષય સત્સ્વરૂપ પરમાત્માની સાથે આપણો સંબંધ કરાવવાના કારણોને લઇને સત્ છે અને તેનો રસ સત્સંગ છે. એટલા માટે બની શકે ત્યાંસુધી જોવાના, સાંભળવાના, ચર્ચા કરવાના, ખાવાપીવાના, વાંચવા લખવાના વિષય તથા આજીવિકાનું કાર્ય, વાતાવરણ તથા ઉપાસના પદ્ધતિ સઘળા એવા હોવા જોઇએ કે જે આપણું ચારિત્ર સુધારવામાં સહાયતા કરનાર હોય. જેવી રીતે કુસંગથી બુદ્ધિ રાજસી, તામસી બને છે તેવી જ રીતે સત્સંગથી બુદ્ધિ ધીમે ધીમે તમોગુણ તથા રજોગુણથી પર થઇને સાત્વિક બને છે. સાત્વિક બુદ્ધિ સાચો નિર્ણય કરે છે અને તેના પ્રભાવથી માણસ પોતાના સાત્વિક કર્તવ્ય પર આરૂઢ થઈ જાય છે. મનુષ્યની તામસાવૃત્ત બાહ્ય ચક્ષુ સત્સંગના પ્રકાશવડે ખુલે છે અને સત્સંગના બળવડે જ તે આગળ વધવાનો પ્રયાસ કરી શકે છે.

હવે જુઓ એ **સત્સંગથી શું થાય છે?**

(૧) ભગવચ્ચર્ચા, ભગવદ્ગુણનામકીર્તન, ભગવદ્ગુણનામશ્રવણ અને ભગવચ્ચિંતનમાં મન જોડાય છે.

(૨) ભગવાનના ગુણ, પ્રભાવ, રહસ્ય અને પ્રેમની વાતો સાંભળવાથી તથા ભજન કરવાથી વિષયાસક્તિ-ભોગકામનાનો નાશ થાય છે અને ભગવાનમાં અનુરાગ તથા ભગવત્પ્રાપ્તિની ઇચ્છા થાય છે.

(૩) અંતઃકરણમાં રહેલા કામ વિગેરે સમસ્ત શત્રુઓનો નાશ થાય છે અને નિર્ભયતા વગેરે દૈવી સંપત્તિના ગુણોની ઉત્પત્તિ તથા વૃદ્ધિ થાય છે.

(૪) અનુકૂળતા, પ્રતિકૂળતા, રાગદ્વેષ, મમતા, અહંકાર તથા અજ્ઞાનનો નાશ થાય છે.

(૫) કુદરતી રીતે જ તન-મન-ધનથી સંસારના જીવોની સેવા થાય છે.

(૬) ભગવાનનું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે અને પછી સનાતન દિવ્ય આનંદ તથા પરમશાંતિ તથા પ્રેમની પ્રાપ્તિ થાય છે.

(૭) પરમ મધુર, પરમ આત્મીય અનંત સૌંદર્ય માધુર્યના સાગર ભગવાનની પરમ સેવા પાસે અન્ય વસ્તુઓ પણ તુચ્છ જણાવા લાગે છે.

શ્રીમદ્ ભાગવતમાં ભગવાન પોતે કહે છે કે—

હે ઉદ્ધવ! બીજા બધા સંગોનું નિવારણ કરનાર સત્સંગની દ્વારા હું જેટલો વશ થાઉં છું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેટલો યોગ, જ્ઞાન, ધર્મ, સ્વાધ્યાય, તપ, ભાવ, વ્રત, તીર્થ અને નિયમથી નથી થતો.

તેથી જે સત્સંગથી ભગવાન પોતે વશ થાય છે તેનાથી વધારે કયી બીજી વસ્તુ કે સાધના હોઇ શકે?

આ સત્સંગ જે સદ્વસ્તુઓ અથવા જે મહાત્મા સત્પુરુષોને પ્રાપ્ત થઇ છે તે પ્રાપ્ત કરવાનો પ્રયત્ન દરેક મનુષ્યે કરવો જોઇએ. એ પ્રયત્ન એ જ સાધના છે. સાચો સંત કે મહાત્મા પુરુષ મળી જાય, પછી તો માનવ જીવનની સર્વોપરી સફલતામાં કશો સંદેહ નથી રહેતો, પરંતુ જ્યાં સુધી એવો પુરુષ ન મળે ત્યાંસુધી શ્રદ્ધાપૂર્વક બીજી સદ્વસ્તુઓનો, સચ્છાસ્ત્રોનો અને સાત્ત્વિક વૃત્તિવાળા શ્રેય સાધકોનો સંગ કરવો જોઇએ. એવા પ્રકારના સાધકોનો કે સિદ્ધ મહાપુરુષોનો શ્રદ્ધાપૂર્વક રાગ કરવો અને એમના પરમાર્થપૂર્ણ વચનો પ્રેમ તેમજ આદરપૂર્વક સાંભળવા, પછી તે પ્રમાણે પોતાનું જીવન બનાવવાનો પ્રયત્ન કરવો તે સત્સંગનું એક શ્રેષ્ઠ સ્વરૂપ છે.

સાચા સત્પુરુષો અને મહાત્માઓ ઓળખવાનું કામ ખૂબ જ કઠિન છે; કેમ કે આપણે આપણી જે વિષયાસક્ત, કામનાગ્રસ્ત નિશ્ચયાત્મક બુદ્ધિની કસોટી પર કરીને સત્પુરુષો અને મહાત્માઓને મેળવવા ચાહીએ છીએ તે કસોટી પર કસી શકાય એવી વસ્તુ એ મહાપુરુષોમાં હોતી નથી. એ મહાત્માઓમાં કોઇ જાતનો દોષ નહિં હોવા છતાં પણ આપણે આપણી અશ્રદ્ધા તથા તામસાવૃત બુદ્ધિવડે તેઓમાં દોષારોપણ કરી શકીએ છીએ. વસ્તુતઃ બહારના ચિહ્નથી મહાત્મા ઓળખી શકાતા જ નથી કેમ કે ઢોંગી માણસ પણ જીવનભર મહાત્મા જેવો બની રહી શકે છે. અને સાચો મહાત્મા પુરુષ પણ જીવનભર છુપો રહી શકે છે. ખરી રીતે તો મહાત્માઓની ઓળખાણ ત્યારે જ થઇ શકે છે કે જ્યારે તેઓ પોતે કૃપા કરીને પોતાની ઓળખાણ કરાવે છે, પરંતુ આપણી અશ્રદ્ધા તેમાં મુખ્ય બાધક બને છે. આપણે મહાત્માઓની કૃપા પ્રાપ્ત કરવાનું મન નથી રાખતા. આપણે તો અશ્રદ્ધાવડે તેઓને આપણી ઇચ્છા–કસોટી ઉપર કસીએ છીએ અને જો આપણી કસોટીથી તેનામાં જરા પણ કસર માલૂમ પડે તો તે મહાત્મા નથી એમ કહીએ છીએ. અનેક મહાત્માઓ તો એવા છુપા રહે છે કે તેઓના મહાત્માપણાની કોઇને ખબર પણ નથી હોતી. એવા લોકોની પાસે ઘણું કરીને કોઇ જતું પણ નથી. પરંતુ આમ છતાં એટલું તો કહેવું જ જોઇએ કે આજકાલના દંભપૂર્ણ જગતમાં ખૂબ વિચારીને–સમજીને કોઇને સંતપુરુષ અથવા મહાત્મા માનવા જોઇએ. જેના મન, વચન અને તનમાં સાત્ત્વિકતાનો બોધ હોય અને જેના સંગથી દૈવી સંપત્તિ તથા ભગવત્પરાયણતાની વૃદ્ધિ થાય તેનો સંગ કરવો એ જ ઉત્તમ છે. પરંતુ ઉપરથી ઉત્તમ દેખાવા છતાં જેના સંગથી આસુરી સંપદા તથા ભગવદ્વિમુખતાની વૃદ્ધિ થાય તેના સંગથી બચવું જોઇએ.

શાસ્ત્રોમાં અનેક સ્થળે સત્પુરુષોના અને મહાત્માઓના લક્ષણ બતાવવામાં આવેલ છે: તેમાંથી કેટલાક અહીં આપવામાં આવે છે.

શ્રીમદ્ ભાગવતના કર્તા પોતે કહે છે કે—

જે માણસ પ્રતિકૂળતા અને અનુકૂળતામાં શોક તથા હર્ષ નહિં પામતા સહનશીલ હોય છે, દયાળુ હોય છે, પ્રાણીમાત્ર તરફ અકારણ પ્રેમ રાખનાર સુહૃદ છે, જેને મન કોઈ શત્રુ જ નથી, જે શાંતચિત્ત છે, સાધુચરિત જ છે, સાધુતા જ જેનું ભૂષણ છે, જે મને તત્ત્વથી જાણીને અનન્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવથી મારી દૃઢભક્તિ કરે છે, મારી ખાતર સમસ્ત કર્મોનો તથા સ્વજન બાંધવોનો ત્યાગ કરી ચૂકેલ છે, જે મારી ઉપર નિર્ભર છે, મારી જ પવિત્ર તથા મધુર કથા કરે છે, સાંભળે છે એવા મદ્‌ગતચિત્ત સાધુઓને સંસારનાં તાપ તપાવી શકતા નથી. સર્વ સંગોથી રહિત એવો સત્પુરુષ જ વિષયાસક્તિથી ઉત્પન્ન થતાં દોષોનો નાશ કરે છે; માટે એનો જ સંગ કરવો જોઇએ.

જે સમસ્ત પ્રાણીઓ તરફ કૃપાળુ છે, કોઇની સાથે દ્રોહ નથી કરતો, તિતિક્ષાવાન, સત્યશીલ, પવિત્ર અંતઃકરણ, સમદર્શી અને સૌનો ઉપકાર કરનાર છે, જેની બુદ્ધિ કામના વગરની છે, ઇંદ્રિયો વશ હોય છે, જે મૃદુ સ્વભાવનો છે, સદાચારી, અકિંચન, નિઃસ્પૃહી, મિતાહારી, શાંતચિત્ત, સ્થિરમતિ છે, જે મારે શરણે આવેલો છે, મારા સ્વરૂપ–ગુણોનું જ ચિંતન કરે છે, જે પ્રમાદરહિત, ગંભીર અંતઃકરણવાળો, ધૈર્યવાન, ભૂખ, તરસ, શોક, મોહ તથા જન્મ, મૃત્યુ : એ છ પ્રાણ અને શરીરના ગુણોને જીતી ચૂક્યો છે, જે પોતે માનનો ત્યાગી બનીને બીજાને માન આપે છે, સમર્થ છે, સૌનો મિત્ર છે, દયાળુ છે અને તત્ત્વને જાણનાર છે તે સાધુ છે.

મહાભારતના શાંતિપર્વમાં ભીષ્મપિતામહે સત્પુરુષોના લક્ષણ બતાવતાં ધર્મરાજાને કહ્યું છે કે-

"હવે હું એવા પુરુષોના લક્ષણ બતાવું છું કે જેનો સંગ કરવાથી પુનર્જન્મનો ભય નથી રહેતો અર્થાત જીવ મુક્તિ પ્રાપ્ત કરે છે. તેવા પુરુષો માંસાહાર નથી કરતા, પ્રિય–અપ્રિયને સમાન ગણે છે, શિષ્ટ પુરુષોના આચાર તેમને પ્રિય હોય છે, ઇન્દ્રિયો હંમેશા તેમને વશ હોય છે, સુખદુઃખમાં તેઓ સમબુદ્ધિ હોય છે, સત્યપરાયણ, દાનશીલ, દયાળુ હોય છે, તેઓ દેવતા તથા અતિથિઓનો સત્કાર કરે છે, સૌનું મંગળ કરવાની ચેષ્ટા કરે છે, પરોપકારી; વીર અને ધર્મનું પાલન કરનાર હોય છે, પ્રાણીમાત્રનું હિત કરનાર, અવસર આવતાં સઘળું આપી દેનાર અને સત્યના માર્ગ પર અડગ રહેનાર હોય છે. તેઓનો વ્યવહાર ધર્મમય હોય છે. તેઓ પ્રાચીન સત્પુરુષોના આચરણનું ખંડન નથી કરતા, કોઇને ત્રાસ નથી આપતા, ચંચળબુદ્ધિ નથી હોતા, ભયંકર નથી હોતા અને હમેશાં સન્માર્ગ પર સ્થિર રહેનાર હોય છે. તેઓમાં અહિંસાની પ્રતિષ્ઠા હોય છે, તેઓ કામ, ક્રોધ, મમતા અને અહંકારથી રહિત હોય છે, મર્યાદામાં સ્થિર રહે છે, ધન અથવા કીર્તિ માટે ધર્મનું પાલન નથી કરતા, એટલું જ નહિ પણ સ્નાન, ભોજન વગેરે શારીરિક ક્રિયાઓની માફક ધર્મપાલન તેઓનું સ્વાભાવિક કાર્ય હોય છે. તેઓમાં ભય, ક્રોધ, ચપળતા અને શોક નથી હોતા, તેઓ ધર્મપાલનનો ઢોંગ નથી કરતા, તેઓ સત્યવાદી તેમજ સરલ હોય છે. લાભમાં તેઓને હર્ષ નથી થતો, અને હાનિમાં તેઓને શોક નથી થતો. તેઓ હમેશાં સત્ત્વમાં સ્થિત, સમદર્શી તથા લાભહાનિ, સુખદુઃખ, પ્રિયઅપ્રિય તથા જીવનમૃત્યુમાં સમાન રહે છે. તેઓ દૃઢ પરાક્રમી, પરમશ્રેયને પામેલા અને સત્ત્વમાર્ગ પર સ્થિત હોય છે.

ઉત્તમ સત્સંગના પણ બે સ્વરૂપ છેઃ એક એ છે કે જે અંતઃકરણની શુદ્ધિનું કારણ બનીને મોક્ષપ્રાપ્તિમાં સાધનભૂત બને છે અને બીજું એ છે કે જેના ક્ષણ કાળને પણ મોક્ષની સાથે સરખાવવું એ અસંગત મનાય છે. એમાં પહેલાની અપેક્ષાએ બીજાનો વિશેષ મહિમા છે.

ભગવત્સંગી પ્રેમીઓના ક્ષણમાત્રના સંગની સરખામણી પુનર્જન્મનો નાશ કરનાર મોક્ષની સાથે પણ નથી થઈ શકતી, તો પછી મૃત્યુલોકના રાજ્યાદિની વાત તો કયાંથી હોય? એવા મોક્ષ સંન્યાસી ભગવત્પ્રેમી મહાપુરુષ ભગવાનની અપાર કૃપાથી જ મળે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ આ ઉપરથી એમ ન સમજવું કે આ યુગમાં એવા મહાપુરુષોનો અભાવ થઈ ગયો છે. જરૂર જેવી રીતે સાચા હીરા જ્યાં ત્યાં નથી મળતા, તેવી રીતે એવા મહાપુરુષ સહજમાં નથી મળતા. સંતો તથા ભગવત્પ્રેમીઓની નાત નથી હોતી, તો પણ શ્રદ્ધા અને ઉત્કંઠાનું બળ થતાં ભગવાનની કૃપાથી એવા મહાત્માઓના દર્શન પણ થઇ શકે છે. એવા મહાત્માઓના દર્શન, સ્પર્શ, શ્રવણ, સહવાસ અને સ્મરણ પણ અમોઘ હોય છે. ઓળખતા ન હોઇએ તો પણ કેવળ દર્શનના ફલસ્વરૂપે જ મનુષ્યના બધા પાપ તાપનો અને અજ્ઞાનનો નાશ થઇને તેનું કલ્યાણ થઇ શકે છે.

પરંતુ દર્શનના અમોઘ ફળની વાત સત્ય હોય તો પણ સાધકો માટે મહાત્માઓને ઓળખીને તેની સેવા કરવી અને તેમની આજ્ઞાનુસાર ચાલવું એ જ ઉચિત છે. મોક્ષ સંન્યાસી અથવા બહુ જ ઊંચી તત્ત્વજ્ઞાનની સ્થિતિયે પહોંચેલા મહાત્માને બદલે ઉચ્ચ કોટિના સાધક મહાત્માની સેવા કરવાથી પણ લાભ થઇ શકે છે. સેવાનો અર્થ તેની પાસે રહેવું અથવા તેના શરીરની સેવા કરવી એ નથી. સમીપ રહેવાથી પણ લાભ છે, પરંતુ તેનાથી પણ વધારે મહત્ત્વની સેવા તેની રુચિ અનુસાર પોતાનું જીવન નિર્માણ કરવું એ છે. જે મનુષ્ય મહાત્માઓની પાસે રહેતો હોય છે, પરંતુ તેની રુચિ અનુસાર પોતાનું જીવન નિર્માણ કરવામાં અરુચિ રાખે છે તે તે મહાત્માની સાચી સેવા નથી કરતો. મહાત્માની અનુમતિ હોય તો તેની પાસે રહીને તેની રુચિ અનુસાર ચાલવાનો અભ્યાસ કરવાથી અત્યંત લાભ થાય છે. જન્મજન્માંતરના એકઠા થયેલા કુસંસ્કારોને લઇને તરતજ પ્રત્યક્ષ લાભ ન દેખાય તો એમ ન માનવું કે લાભ નથી થતો. પહેલાં તો મનના કુસંસ્કાર દબાય છે–સર્વથા નાશ નથી થતો, પરંતુ જે તેનું દબાવું ચાલુ રહે છે તે તો જલ્દી દબાઇને મરી જાય છે; પરંતુ જ્યાંસુધી એમ ન થાય ત્યાંસુધી ધૈર્યપૂર્વક સત્સંગનું યથાર્થ સેવન કરતા રહેવું જોઇએ. મહાત્મા પુરુષોના સેવનથી નક્કી માનો કે સર્વ પાપનો નાશ થઇને સંસારસાગરથી ઉદ્ધાર થઇ જશે.

એટલું યાદ રાખવું જોઇએ કે મહાત્મા પુરુષો દુર્ભાવો તથા દુર્ગુણોથી સર્વથા રહિત હોય છે. તેઓમાં અવિદ્યાનો બિલ્કુલ અભાવ હોય છે. જ્યાં અવિદ્યા નથી હોતી ત્યાં દુર્ભાવ અને દુર્ગુણોનો અસંભવ હોય છે. એ દુર્ભાવ અને દુર્ગુણ અંતઃકરણના વિકાર છે–દોષ છે; ધર્મ નથી. તેનો નાશ તો સાધનની ઉચ્ચ સ્થિતિએ પહોંચ્યા પહેલાં જ ઘણે ભાગે થઇ જાય છે ત્યારે જ અંતઃકરણની શુદ્ધિ થાય છે અને શુદ્ધ અંતઃકરણમાં જ જ્ઞાનનો પ્રકાશ થાય છે. તેથી મહાત્મા પુરુષોમાં દોષોની કલ્પના કરવી એ જ ભૂલ છે. એવા મહાત્માઓને શોધીને તેને શરણે જવું જોઇએ. સાચી તમન્ના હશે તો તો થોડી શોધમાં ભગવત્કૃપાથી એવા સંતજન પ્રાપ્ત થઈ શકે છે. અને એવા સત્સંગદ્વારા આપણે આ ભવસાગરથી ઉદ્ધાર જ નહિ, પરંતુ આપણને દુર્લભ ભગવત્પ્રેમની પ્રાપ્તિ થઈ શકે છે.

**तदेव साध्यताम् तदेव साध्यताम् ।**

**સત્સંગની જ સાધના કરો, એની જ સાધના કરો.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભ–જ–ન

સ્વર્ગસ્થ શ્રી ગુરુદેવ મુનિમહારાજ શ્રી આત્મારામજી મહારાજ સાહેબે દેવલોકમાં સ્થિતિ કરેલી તેમના દર્શન કરવાની ભાવનાથી નીચેની ભાવ સ્તુતિ નમ્રતાપૂર્વક કરેલી છે તે અપૂર્વ ગુરુભક્તિના નમૂનારૂપ છે.

રચનાર—પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ

॥ પદ ૧ લું ॥ રાગ આશાવરી ॥

અબ હમ ગુરુજીકે પૈરી પરેંગે, બીર બચન સમરેંગે ॥ આંકણી ॥૧॥
ગુરુ બચન અમૃતરસ પીકે, રોમ રોમ ઠહરેંગે ॥ અબ ॥ ૨ ॥
ગુરુગમ જ્ઞાન–કટારી ધારી, કરમન સંગ ઝગરેંગે ॥ અબ ॥ ૩ ॥
બીર કહે પરમાણા લેકે, ગુરુજી કે સંગ બિચરેંગે ॥ અબ ॥ ૪ ॥
ગુરુજી જો બિધાન કહેંગે, ઉસ વિધિ મનન કરેંગે ॥ અબ ॥ ૫ ॥
**આતમરામ** આનંદ સુસંગી, **જ્યોતિ** મેં જ્યોત ધરેંગે ॥ અબ ॥ ૬ ॥

॥ પદ ૨ જું ॥ રાગ ઉપર પ્રમાણે ॥

ગુરુજી આપ દિદાર દીખાવો, કાગજ દેકે બુલાવો ॥ આં૦ ॥ ૧ ॥
ભવન ભવન મેં નાથ બિરાજે, જ્યારત આપ કરાવો ॥ ગુરુજી ॥ ૨ ॥
મેં અનજાન કછું નહિ જાનું, આપ સુજાન કહાવો ॥ ગુરુજી ॥ ૩ ॥
બાલક કિંકરકો કર પકરી, ભાવારથ સમજાવો ॥ ગુરુજી ॥ ૪ ॥
સુવર્ણમાળા જ્ઞાન વિશાળા, પોથી પુરાણી પઢાવો ॥ ગુરુજી ॥ ૫ ॥
જ્યો જ્યો જિનમત જંગમ થાવર, તીરથ નાથ નમાવો ॥ ગુરુજી ॥ ૬ ॥
બરસ ૪૨બીયાલા વિરહકી જ્વાલા, વચનામૃત છટકારો ॥ ગુરુજી ॥ ૭ ॥
**કાંતિવિજય** ચરણોંકા દાસા, **આતમરામ** રમાવો ॥ ગુરુજી ॥ ૮ ॥

"સંવત ૧૯૯૪ ના ફાગણ સુદ ૭ની રાતે પાછલા પહોરના પાંચ વાગે ગુરુમહારાજે સ. ૫. વટ પટ્ટણમાં દર્શન દીધાં. શહેર જાત્રા સાથે કરી, પરંતુ ફતેહપુરાના જિનદર્શન કરતાં રસ્તામાં જુદાઇ થઇ. પછી ગુરુજી મહારાજ અદૃશ્ય થયા તે દિલગીરીનો બીજો ઉપાય નહિ હોવાથી પાટણમાં પધારવા આ વિનંતિ કરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ પદ ૩ જું ॥ રાગ–અવર મહન અલબેલા ॥

ગુરુ હવે પાટણુ નગર પધારો, તીરથ નાથ જુહારો ॥ આં૦ ॥ ૧ ॥
દરશન વટ પટ્ટણુમાં દીધા, સાથે સર્વ પરિવારો;
કાંતિવિજયને પડતો મૂકી, જલ્દી કર્યો વિહારો ॥ ગુરુ ॥ ૨ ॥
વિરહ થવાથી દિલ દુઃખીયારો, અવધિજ્ઞાનથી જાનો;
દીનદયાળા અરજ ઉર ધારો, સેવક માની પ્યારો ॥ ગુરુ ॥ ૩ ॥
જ્ઞાનભંડારા ઘર ઘર સારા, હરખી નયન નિહારો;
દર્શન હેમસૂરિનાં થાશે, થાશે ધર્મ સુધારો ॥ ગુરુ ॥ ૪ ॥
પંચાસર પ્રભુ દર્શન કરશો, વરશો કર્મ ન કારો;
સંઘ ચતુર્વિધ દર્શન યોગે, થાશે જય જયકારો ॥ ગુરુ ॥ ૫ ॥
ત્રિભુવનપાળે કુમારવિહારો, જ્ઞાનદિવાકર ભારો;
જમના કર અંગુલી પકડી, થાશો દર્શનકારો ॥ ગુરુ ॥ ૬ ॥
બાળકને રડવડતો દેખી, કરશો પર ઉપગારો;
કિંકર **કાંતિ** પગનો સેવક, **આતમરામ** રમારો ॥ ગુરુ ॥ ૭ ॥

॥ રાગ–વઢંસ–નાથ કયસે ગજકો–એ દેશી ॥

ગુરુજી ભારતમાં આપ પધારો, શાંત સુધારસ ઠારો ॥ આં૦ ॥ ૧ ॥
મત મતાંતરના છે રસીયા, વીર વચન છટકારો;
સુરપતિના સુવર્ણ વિચારો, કરુણા કરી સમજાવો ॥ ગુરુ૦ ॥ ૨ ॥
ધર્માધર્મ અજાણુ જનોને, જ્ઞાનાંજન અજવારો;
નિજ નિજ મતના માન ઉતારો, વીર વચન ઘટ લાવો ॥ ગુરુ૦ ॥ ૩ ॥
ન્યાય ધર્મના જૂઠા ઝઘડા, ન્યાય કરીને વારો;
**આતમરામ** આરામના દાતા, **કાંતિવિજયને** સુધારો ॥ ગુરુ૦ ॥ ૪ ॥

---

તા. ક. ગુરુજીને પાટણુ નગરની વિનતિ કર્યા પછી ત્રીજા દિવસની રાત્રે વીરવિજયજી મહારાજને સાથે લઈને ઠા. ૨ આવીને રાતે દર્શન દઇને દેવલોકમાં વિહાર કરી ગયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એક દાર્શનિક તીર્થસ્થાન

.·. રાજપાળ મગનલાલ વ્હોરા

નિર્વૃતિ યાને આત્મશાંતિ અર્થે અને જગતની જંજાળ–વિવિધ ગડમથલમાંથી કેટલોક સમય છૂટકારો લેવા માટે પ્રત્યેક ધર્મમાં તીર્થસ્થાનોની યોજના થઇ છે.

એટલું તો નિશ્ચિત છે કે પૂર્વે થઇ ગયેલા પવિત્ર પુરુષોના આવાગમનથી જે ભૂમિઓ પાવન થઇ હોય, તે ભૂમિ ઉપરના રજકણો, પૂર્વોક્ત પુરુષોને થયા ઘણો સમય વ્યતીત થયો હોય છતાં પવિત્રતાથી ભરેલા અને આગંતુકના સુષુપ્ત ચેતનને જાગૃત કરનારા હોય છે; તેથી જ હિન્દુ ધર્મમાં તીર્થોનું મહાત્મ્ય અતિ અતિ ગવાયેલ છે. માત્ર ગવાયેલ છે એટલું જ પર્યાપ્ત નથી પણ તીર્થયાત્રા કરવાનો પ્રવાહ અસ્ખલિતપણે ચાલ્યો જ આવે છે એમ જોઈ શકાય છે.

મહાપુરુષોના ચરણસ્પર્શથી પવિત્ર બનેલી ભૂમિઓ અત્યારે પણ તત્સમયના ભૂતકાળને આપણી દૃષ્ટિ સન્મુખ ચલચિત્રોની માફક સજીવન કરતી હોય છે. વળી ભાષામાં કહેવત છે કે–**ઘર મૂકયા ને દુઃખ વિસર્યાં** અર્થાત્ એ ઉક્તિ અનુસાર એવા તીર્થોની ભૂમિકામાં જવાથી માણસ પોતાના ઘર આંગણાના અનેક સંતાપો વિસરી જાય છેઃ લેણું–દેણું, સુખ–દુઃખ, વૈર–વિરોધ, કાવા–દાવા અને તેને સ્થાને પવિત્ર સ્થાન અને દેવપ્રતિમાના દર્શન, સ્પર્શન, વંદન, પૂજનથી અપૂર્વ વિચારો અને મહાન્ નિર્વૃત્તિ પ્રાપ્ત થાય છે. એ ઉપરાંત જુદા જુદા દેશ અને દેશાચાર તેમ જ વિવિધ પ્રકૃત્તિવાલા મનુષ્યોનો સમાગમ મેળા સમાન એ સ્થાનમાં થાય છે. તેથી જ જૂના સમયની વૃદ્ધ ડોશીમા પાસેથી યાત્રાએ જતાં શબ્દો સંભળાતા કે–" તીરથ મેળો કરવા જઇ છી." મતલબ કે–આ સર્વ બાબતો લાભકારી હોઈ તીર્થયાત્રાની પ્રથા ભારે આવકારદાયક છે એમ નિઃશંકપણે આપણે કબૂલવું પડશે.

માનવજીવન પ્રાપ્ત થવાનું ફળ જો " કમાવું અને ખાવું તેમ જ નિયત સમયે નિદ્રાધીન બનવું. ફરી નૂતન પ્રાતઃકાળે પૂર્વોક્ત એ જ વિધિ યંત્રવત્ કરવો " એમ હોય તો બેધડક કહી શકાય કે તે જીવન અફળ છે. એવા જીવનને યથાર્થ જીવન જ ન કહી શકાય. એમ તો—

**काकोऽपि जीवति चिराय बलिं च भुंक्ते।**

**અર્થાત્:**—બલિ ખાતો કાગડો લાંબો કાળ જીવે છે. પણ તેથી શું ? એ જ રીતે જે માનવના જીવનથી પોતાના આત્માને લાભ ન થાય, માત–તાત અને સ્ત્રી–પુત્રાદિક સ્વજનોને લાભ ન થાય, સમાજ, ગામ કે દેશને જેના જીવનથી કાંઇ પણ લાભની પ્રાપ્તિ ન થાય તો નીતિકારના કથન મુજબ–तस्य जन्म निरर्थकम्–તેનો જન્મ નિરર્થક છે.

તીર્થયાત્રાની આવશ્યક્તા ઉપર આટલું તો પ્રાસંગિક લખાઇ ગયું. હવે મૂળ વિષય પર આવીએ.

**શ્રી અજારા પાર્શ્વનાથજી**નું નામ તો મારા ઘણા જૈન બન્ધુઓએ સાંભલ્યું હશે, પરંતુ એ તીર્થ લગભગ એકાંત જેવા સ્થળમાં આવેલ હોઇ, ઓછા ભાઇઓએ તેનો લાભ લીધો હશે. તત્સંબંધે અત્ર ઉલ્લેખ કરું છું.

આ લેખકને ઘણા સમય થયાં એ સ્થાને જવા ભાવના હતી. તેમાં એક અનુભવી પૂજ્ય પુરુષની પ્રેરણા પણ હતી; પરંતુ કાળ–ઉદ્યમાદિના અભાવથી મનેચ્છા મનમાં જ રહી હતી. નિકટના ભૂતકાળમાં કારણયોગે એ પ્રદેશમાં–ઉનામાં જવાનું બનતાં ત્યાંથી નિકટવર્તી એ પવિત્ર સ્થાનના દર્શનપૂજનનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉના ગામ શ્રીમાન્ હીરવિજયજીસૂરિ મહારાજના સ્વર્ગગમનથી જાણીતું સ્થળ છે. આજે પણ ગામમાં જ્યાં સૂરિમહારાજનો સ્વર્ગવાસ થયેલો ત્યાં ગુરુમંદિર અને તેમની મૂર્તિ વિ૦ છે; તેમ જ નદીકાંઠે "આંબાવાડીઆ" નામે ઉદ્યાનમાં જ્યાં તેમના દેહનો અંતિમ સંસ્કાર થયો હતો તે સ્થળે તેમની અને તેમના શિષ્યગણોની પાદ સ્થાપનવાલી દેરીઓ આવેલી છે. ઉક્ત સમયે અકાળે આંબા ફળ્યા હતા એમ સંભળાય છે. આજે પણ આંબાઓનો ફળભારે લચી પડેલો સમુદાય શીતલ છાંય અર્પતો મોજુદ છે.

પાંચેક વર્ષ પૂર્વે ઉના સુધી રેલ્વે નહોતી અને તેથી ત્યાં જવું મુશ્કેલ હતું, પણ હવે તો ઠેઠ સુધી રેલ્વે વ્યવહાર ચાલુ હોઇ વિના મુશ્કેલીએ શીઘ્ર પહોંચી શકાય છે.

ઉનાથી અજારા બે માઇલ થાય છે. અત્યારે તો અજાર ગામ નાનું ગામડું દેખાય છે પણ પૂર્વ-કાળમાં તે સ્થાન સમૃદ્ધિશાળી અને ઘણું વિસ્તારવાળું હશે એમ નિરીક્ષણ કરતાં જાણી શકાય છે.

અજારા પાર્શ્વનાથની પ્રતિમા ઘણી ભવ્ય છે. દષ્ટિને સ્થિર કરી દે એવી ઓછી પ્રતિમાઓ-માંહેની એક પ્રતિમા તે શ્રી અજારા પાર્શ્વનાથ છે એમ કહી શકાય તેમ છે. જેવી પ્રતિમા રમણીય છે તેવું જ સ્થાન પણ રમણીય અને એકાંતમય છે. મનુષ્યના કલરવથી વિરમેલું યાને નિસ્તબ્ધતાભરેલું નાનું ગામ, શાંત-સુંદર ધર્મશાળા, નાનું પણ આહ્લાદપ્રેરક જિનમંદિર અને એ સર્વનાં કેન્દ્ર સ્થળરૂપ શાંતરસમાં ઝીલતી અજારા પાર્શ્વનાથજીની અર્ધરક્ત રંગવાલી પ્રતિમા જોનારને તદાકાર બનાવી દે છે. એ સમયે પરમ અધ્યાત્મ યોગી મહાત્મા આનંદઘનજીના શબ્દો યાદ આવે છે.

**અમીયભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;**
**શાંતસુધારસ ઝીલતી રે, નીરખત તૃપ્તિ ન હોય.**
**વિમલજિન ! દીઠાં લોયણ આજ, મારા સિદ્ધયાં વાંછિત કાજ.**

ગામની બહાર પૂર્વે થઇ ગયેલ અજ રાજાના નામથી પ્રસિદ્ધ ચોરો છે કે જ્યાં આજે કેટલીક ખંડિત પ્રતિમાઓ દેખાય છે. તેની બાજુમાં કેટલાક વૃક્ષો છે જે અજરાજાના ઝાડના નામે પ્રસિદ્ધ છે. તેની એક પ્રશાખામાંથી જુદી જુદી જાતના-ભિન્ન આકારવાળા ત્રણ ત્રણ પાંદડા થાય છે. એ પાન સૌરભયુક્ત છે અને ગડગુમડ ઉપર એ પાન ઔષધ તરીકે છૂટથી વપરાય છે. ત્યાંથી નજીકમા એક જગ્યાએ થોડા વર્ષો પૂર્વે લગભગ તેરમા સૈકાના બે કાઉસગ્ગીઆ નીકળ્યા છે, જેને અત્યારે મંદિરના રંગમંડપમાં બન્ને બાજુ પધરાવ્યા છે. એકમાં કાઉસગ્ગ ધ્યાને ઊભેલા રૂષભદેવ સ્વામી મુખ્ય છે અને તેની આજુબાજુ બીજા અગિયાર જિનોની પદ્માસનાકારવાળી મૂર્તિઓ છે. બીજામાં આસન્નોપકારી ચરમ શાસનાધિપતિ ભગવાનશ્રી મહાવીરદેવ મુખ્યપણે કાયોત્સર્ગ ધ્યાને રહેલા છે અને આજુબાજુ બાકીના અગીઆર જિનો છે. બન્ને કાઉસગ્ગીઆમાં મળીને કુલ ૨૪ જિનોની સ્થાપના છે. તદુપરાંત એ મંદિરમાં ન ભૂલતો હોઉં તો પ્રાયઃ સંવત ૧૦૮૦ની સાલનો એક પ્રાચીન ઘંટ છે. તથા લગભગ ત્રણસો વર્ષ પૂર્વે મંદિરનો જીર્ણોદ્ધાર થયાનો શિલાલેખ છે. અજારા પાર્શ્વનાથજીની પ્રતિમા તો ૧૬૦૦૦૦૦ સોલ લાખ વર્ષની જૂની છે એમ શ્રીમાન્ શાંતમૂર્તિ સ્વ૦ હંસવિજયજી મહારાજકૃત અજારા પાર્શ્વનાથજીના સ્તવનમાં દર્શાવાયેલ છે. એ ગમે તેમ હો, પણ એટલું તો નિશ્ચિત છે કે-આ સ્થાન ઘણું પ્રાચીન છે અને ખાસ દાર્શનિક છે. શાંતિનો સ્વાદ લેવા ઇચ્છનારે આ સ્થળમાં અવશ્ય એક વખત આવવા જેવું છે. ધર્મશાલામાં સર્વ સાધનો મળે છે. ઉના પણ નજીક હોઇ જોઇએ તે ત્યાંથી મંગાવી શકાય છે. વળી ઉનામાં આ તીર્થની વ્યવસ્થાર્થે એક પેઢી પણ સ્થપાયેલ છે. તેના કાર્યકરો પણ સેવાભાવી સજ્જનો છે. ઉનામાં જૈન ધર્મશાળા છે અને પાંચ જિનમંદિરો પણ બહુ સુંદર છે. અંતમાં આ પવિત્ર ભૂમિના દર્શનનો લાભ લેવા વાચકોને નમ્ર સૂચના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્ર૦ શ્રી ગીર્વાણવિજયજી મહારાજના સ્વર્ગવાસ નિમિત્તે

## નીવાપાંજલી

દોહરા.

ગુણવંતું ગૌરવભર્યું, ગામ ગારીયાધાર,
ત્યાં જન્મ્યા ગીર્વાણજી, પ્રૌઢ-પૂણ્ય સંસ્કાર. ૧.

હરિગીત.

જન્મ્યા **जकलबा** કૂખમાં, મુખમાં મીઠાશ મહા ભરી,
માતાજીની એ કૂખને, શોભાવી સત્પુત્રે ખરી;
**दलसुखचंद** પિતાજીને, દિલમાંહી સુખ આપ્યું અતિ,
સંન્યાસ કે સાધુત્વ લેવા, જેમની નિર્મળ મતિ. ૧.

દોહરા.

સંવત ઓગણીસો અને, પંચાવનની સાલ,
જન્મ ધર્યો આ જગતમાં, પર્મ ધર્મ પ્રતિપાળ. ૨.
બાલ્યાવસ્થાથી હતો, વિમળ ઉરે વૈરાગ,
ઓગણીસો છોંતેરમાં, કર્યો કુટુમ્બી ત્યાગ. ૩.

હરિગીત.

શ્રી જૈનશાસનના પ્રગટ, સૂરિચક્રચૂડામણિ,
સૂરિસમ્રાટ શિરોમણિ, **नेमिविजय** વિદ્યામણિ;
એ પૂજ્યપાદતણા સુહસ્તે, હોંશથી દીક્ષા લીધી,
શાસ્ત્રોક્ત સર્વ ક્રિયા અને, માંગલ્યમય પામ્યા વિધિ. ૪.

દોહરા.

જ્ઞાન-તપે ચઢતા ગયા, ગુરુએ જાણી બુજ,
ઓગણીસો એકાણુંમાં, કર્યા **प्रवर्तक** પૂજ્ય. ૫.

હરિગીત.

એ સદ્ગુરુના ચરણમાં, અભ્યાસ પોતે આદર્યો,
ભંડાર મોંઘામૂલનો સતશિષ્ય ઉર ગુરુએ ભર્યો;
ઊંડા વિચારક સૂત્રમય શ્રી, **न्यायवैयाकरणी** થયા,
હસ્તામલવત્ શાસ્ત્ર સુઝયાં, સદ્ગુરુની થઇ દયા. ૬.

દોહરા.

**मुक्तावली** ને **दीनकरी**, **जैनतर्क** અભ્યાસ,
**स्याद्वाद**મંજરીનો, હૃદયે થયો પ્રકાશ. ૭.
**जैन**તણા **सिद्धान्त**માં, પારગામી સુપવિત્ર,
**पन्नवणा** ને **भगवती**, મહાસૂત્ર સુચરિત્ર. ૮.

હરિગીત.

ઇત્યાદિ શાસ્ત્ર અનેક, જૈનાગમતણાં હૃદયે ભર્યાં,
તપ-યોગ ને સુચરિત્રથી, ગુરુઓતણાં મનડાં હર્યાં;
એ શાસ્ત્રસામગ્રી સજી, ભાવિતણાં સુખ કારણે,
ચાળીશ ઓછા એક વર્ષે, **गमन स्वर्गीय** બારણે. ૯.

દોહરો.

ઓગણીસો ચોરાણુનો, અશાડ ઉત્તમ માસ,
કૃષ્ણપક્ષ દશમી દિને, કર્યો **स्वर्ग**માં વાસ. ૧૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સવૈયા છંદ.

ધર્મ–ક્રિયામાં મચ્યા રહી, સાધુત્વ સાચવ્યું સત્યપણે,
જપ–તપમાં એકાગ્રવૃત્તિ ને, આત્મશ્રેયના મંત્ર ભણે:
પદ કૈવલ્ય જ શ્રેષ્ઠ પામવા, શાસ્ત્ર સકળની સાધ્ય સજી,
સ્વર્ગ ગયા **गीर्वाणविजयजी**, ભાવનગરમાં દેહ તજી. ૧૧

પરિવ્રાજકના જે જે ધર્મો, તે સહુ પાળ્યા પ્રેમ ધરી,
જગતતણી જંજાળ વિષે, ક્ષણ એક નહીં વૃત્તિ જ કરી;
માયામાં લપટાયા નહીં, ને કાયાનું કલ્યાણ ભજી,
સ્વર્ગ ગયા **गीर्वाणविजयजी**, ભાવનગરમાં દેહ તજી. ૧૨.

સૌમ્યવૃત્તિ ને દિવ્ય ભાવના, આત્મતત્ત્વ એકાગ્ર કરી,
પ્રયાણ કીધું પુણ્ય ધામમાં, શ્રી **अरिहंत**નું ધ્યાન ધરી;
ધન્ય જીવન એ સંતતણું, છેલ્લા શ્વાસે પ્રભુ નામ ભજી,
સ્વર્ગ ગયા **गीर्वाणविजयजी**, ભાવનગરમાં દેહ તજી. ૧૩.

અંતસમે–છેલ્લી ઘડીએ, શ્રી વિજયનેમિસૂરિ બોધ કરે,
ભવસાગર ઉતરી જા, યોગી, જગ જીત્યો તું આજ ખરે!
નિઝામણાંઓ પૂરી કરાવી, શ્રી ગુરુ નયણે નીર ઝરે,
મહા જ્ઞાની–ગંભીર ગુરુને, હૃદય આર્દ્રતા વ્યાપી ખરે!! ૧૪.

દેહ તજ્યા ગીર્વાણવિજયજી, વીજળી સમ વાતો વ્યાપી,
જૈન અને જૈનેતર મળીને, દર્શન માટે રહ્યાં ટાંપી;
થોકેથોક ભરાવા લાગ્યા, શોકતણો પોશાક સજી,
સ્વર્ગ ગયા **गीर्वाणविजयजी**, ભાવનગરમાં દેહ તજી. ૧૫.

શોકાશ્રુથી નર ભિંજાતા, સ્મશાનયાત્રામાં ચાલ્યા,
રાજવીથી પણ **મોંઘું मृत्यु**, પુણ્યવડે સાધુ પામ્યા;
ધૂપ–દીપ–પૂજા–અર્ચા કરી, **पालखी**માંહે પધરાવ્યા,
પુષ્પતણી ખૂબ વૃષ્ટિ કરી, ધાન્ય–દ્રવ્ય પણ વહેંચાવ્યા. ૧૬.

ભાવનગરમાં દૃશ્ય જ આવું, ન્હોતું દીઠું! તે દીઠું આજ,
મનુષ્ય મેદની ઠઠ્ઠ મળીને, સ્ત્રીઓતણો પણ શોક સમાજ,
ભવ્યરૂપમાં "**स्मशानयात्रा**," સંતતણી દેખો કરણી?'
**अंत्येष्ठी** કરવા આ રાજ્યે, ધર્મ ગણી આપી ધરણી. ૧૭.

દોહરો.

વીજળી વેગે પરવર્યાં, ખબર દેશ–પરદેશ,
હૃદયો રોયાં સર્વનાં, વ્યાપ્યો શોક વિશેષ. ૧૮.

તાર ઉપર તારો થયા, પત્રોનો નહીં પાર,
સંઘે શોક જણાવીયો, જતાં સંત અણગાર. ૧૯.

જૈનશાસને નીપજો, ધર્મ—ધુરંધર ધીર,
એ ઈચ્છે છે સંઘ સૌ, નયણે આણી નીર. ૨૦.

આત્મતત્ત્વ જ્યાં ઓળખ્યું, ત્યાં શો વાદવિવાદ?
અમરશાંતિ સ્વર્ગે લહો, એ મુજ અંતરનાદ. ૨૧.

**રેવાશંકર વાલજી બધેકા.**
**નિવૃત્ત એજયુ૦ ઈન્સ્પેકટર ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્ર....વા....હ....ના....પ્ર....શ્નો

**હૈમસારસ્વત સત્રઃ—**

કરાંચીખાતે મળેલ છેલ્લી ગુજરાતી સાહિત્ય પરિષદમાં શ્રીમદ્ હૈમચંદ્રાચાર્યની, ગુજરાતના એક અગ્રગણ્ય જ્યોતિર્ધર અને સાહિત્યકાર તરીકે કદર કરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો, એટલે એ સાહિત્યકારના સ્મરણો પરિષદની સાથે જોડાએલ રહે એવાં પગલા ભરવા પાટણમાં "હૈમસારસ્વત સત્ર" યોજવાનું નક્કી કરવામાં આવેલ છે.

સાહિત્ય પરિષદના મંત્રીઓએ આ ઠરાવને લક્ષમાં લઇ તાજેતરમાં એક નિવેદન પ્રગટ કરી જાહેર કર્યું છે કે પરિષદના ઉપરોક્ત ઠરાવને અનુલક્ષીને આગામી ડીસેમ્બર માસમાં નાતાલના તહેવારોમાં પાટણ ખાતે હૈમસારસ્વત સત્ર ઉજવવામાં આવશે. વધુમાં શ્રી હૈમચંદ્રાચાર્યનું અને એમના યુગનું યોગ્ય સાહિત્ય ગુજરાતીમાં પ્રગટ કરવાનો નિર્ણય કર્યો છે. એટલે સારાએ પ્રસંગને સાહિત્યની દૃષ્ટિએ મહત્ત્વનો ગણવામાં આવશે, અને ઉત્સાહભેર તેનો ઉત્સવ ઉજવવામાં આવશે.

શ્રીમદ્ હૈમચંદ્રાચાર્યનું રાજકીય, ધાર્મિક તેમ જ સાહિત્યના ક્ષેત્રમાં ગુજરાતના એક પ્રભાવિક પુરુષ તરીકેનું સ્થાન અજોડ છે. તેઓશ્રીના છૂટાછવાયા જીવનપ્રસંગો, જુદા જુદા પુસ્તકોદ્વારા બહાર આવ્યા છે. તેઓશ્રીનું વ્યાકરણ આદિ ગ્રંથો તો માત્ર જૈન જ નહિં પરંતુ વ્યાપક જગતની અમૂલ્ય કૃતિ તરીકે સન્માન પામ્યા છે. કોઇ પણ ગુજરાતી, સાહિત્યપ્રેમી આ મહાત્માની સેવાથી ભાગ્યે જ અજાણ હશે.

જૈન સમાજે તેઓશ્રીને ભક્તિભાવે જેટલા ઓળખ્યા છે એટલા એક સાહિત્યકાર તરીકે ઓળખ્યા નથી. તેમની કૃતિઓ પ્રગટ કરવામાં જરૂર આપણે જાગૃત થયા છીએ, એમ છતાં હજુ એ પ્રદેશનો ઘણો ભાગ અણખેડાએલ અને અપૂર્ણ પણ છે. ગુજરાતના એક જ્યોતિર્ધર-આદ્ય સાહિત્યકાર તરીકે આજે સમસ્ત ગુજરાત, ગુજરાતના પાટનગર પાટણમાં, એમનો સત્કાર કરવાને તૈયાર થાય છે ત્યારે એ મહાત્માને વિશાળ જગતને ઓળખાવી શકાય એવા રૂપમાં તેઓશ્રીનું કોઇ વિશિષ્ટ જીવનચરિત્ર આપણે બહાર પાડી શકયા નથી. એ મહાત્માના જીવનયુગની સંકલનાને વિકૃત સ્વરૂપમાં ઓળખાતી જોઇ આપણે તેની સામે લડત લડયા છીએ, પરંતુ એ વિકૃત-આલેખકોને સક્રિય જવાબ આપતું એક સચ્ચોટ કાર્ય—હજુએ બાકી જ હોય તેમ—તેઓશ્રીની સાહિત્યસેવા, અને એ ચમકતી જીવન-રેખાને વિશિષ્ટ શૈલીએ પ્રગટ કરવાનું હજુ અધૂરું રહે છે. ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી ઉજવાતો આ હૈમસારસ્વત સત્ર આ કાર્ય પૂર્ણ કરવાની આપણને પ્રેરણા કરે છે.

ગુજરાત જ્યારે એ જ્યોતિર્ધરને ઓળખવા તત્પર થયું છે ત્યારે વધુ નહિ તો એ ઉત્સવના આરંભ પૂર્વે એ મહાત્માની જીવનરેખાનો બને તેટલો સુંદર પ્રચાર કરવો ઘટે. એમના જીવનની દરેક દૃષ્ટિએ-ખાસ કરીને સાહિત્યની દૃષ્ટિએ—વિશિષ્ટતા સમજાવતી નિબંધિકા પ્રગટ કરવી ઘટે, તેઓશ્રીની પ્રગટ અને અપ્રગટ સાહિત્યકૃતિઓનો જાહેર જગતને પરિચય કરાવવો ઘટે.

**જરા આગે કદમઃ—**

ઉત્સવને રસમય બનાવવા પૂરતું આટલું પ્રાથમિક કાર્ય કરવા બાદ, હજુ એ દિશામાં આપણે ઘણું કરવાનું રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાટણમાં આ સત્ર ઊજવવાની જે યોજના કરવામાં આવી છે એ એક ઉત્સવ તરીકે આવકારદાયક ઠીક છે. ગુજરાતના ઘણાં આગેવાન સાક્ષરો આ પ્રસંગે પાટણની ભૂમિનો સ્પર્શ કરશે, એ વિભૂતિના કેન્દ્ર સ્થાનોનું ઐતિહાસિક અવલોકન કરશે, ત્યાંના પ્રાચીન સાહિત્યના દર્શનનો લાભ લેશે; પરંતુ એક જૈન જ્યોતિર્ધરની સર્વદેશીય સેવાનો આમ વ્યાપક ઉત્સવ ઉજવીને તેનો સર્વદેશીય સત્કાર થાય છે ત્યારે એ મહોત્સવને સત્કારવામાં આપણે કેટલી રસવૃત્તિ દાખવી શકીશું એ એક પ્રશ્ન છે. એ મહાન વિભૂતિના અજબ વ્યક્તિત્વનો આપણે કેટલો પરિચય કરાવી શકીશું એ પણ એટલું જ વિચારણીય છે.

આપણો સાહિત્ય પ્રેમ વધતો આવે છે, જ્ઞાનપિપાસાની ભૂખ પણ કંઈક ઉઘડતી આવતી હોય એમ લાગે છે, આજે જૈન સાહિત્યકારો કે જૈન વિદ્વાન મુનિમહારાજોનો પણ છેક અભાવ નથી; પરંતુ વિશાળ દૃષ્ટિએ એ રસવૃત્તિને પોષનારાઓની આપણામાં હજુ ખામી છે. આપણી સાહિત્યસેવાનો પ્રવાહ જાણે કે જૈન જાતિના એકના એક જ ક્ષેત્રમાં વહેવાને માટે નિર્માણ થયો હોય તેમ, આપણી સાહિત્યકૃતિઓ, સંશોધનો અને સેવાઓમાં સંકોચ જણાતો હોય એમ શું નથી લાગતું? આપણા ઉત્સવો પણ એવી જ કોઇ ભૂમિકા શોભાવી રહ્યા હોય એમ નથી જણાતું? અને એ દરેક સેવાના ઊંડાણમાં ભક્તિભાવના ઉછળતા ઝરાઓ વચ્ચે, ઉત્સવના માર્મિક પ્રદેશને, તેના આત્માને ઓળખવા તરફ દુર્લક્ષ રહેતું હોય એમ શું નથી લાગતું?

જરા વ્યાપક અભ્યાસશૈલી, જરા વિશાળ સાહિત્યપ્રિયતા અને જરા વધારે ઊંડાણ સમજવાની શૈલી આપણી સાહિત્યસેવાને ઓર દિપાવી શકે-આપણા ઉત્સવોને અનોખો જ રંગ આપી શકે.

પાટનગરના આ ઉત્સવ પ્રસંગે જૈન સાક્ષરો અને સાથોસાથ વિદ્વાન જૈન મુનિમહારાજો વધુ નહિ તો માત્ર એટલું જ કરે કે—

શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના જીવનસંદેશ સમજાવતા, તેમનો સાહિત્યયુગ, રાજકારણ અને ધર્મ વિષે સુંદર પ્રકાશ પાડતા નિબંધો, વિદ્વાન જૈન મુનિમહારાજો તથા જૈન સાક્ષરો તૈયાર કરે અને આ ઉત્સવ સમયે તે રજૂ કરે.

આ દિશામાં બને તેટલો સુંદર સર્વદેશીય અભ્યાસ કરી, સંમેલન સમયે હાજર રહે, ઉત્સવ સમયની ચર્ચાઓમાં રસપૂર્વક ભાગ લે, વિદ્વાન મુનિમહારાજો પણ, માત્ર નિબંધો લખીને ન બેસી રહેતા, આ પ્રસંગે હાજરી આપવાનું અને દરેક કાર્યક્રમમાં શકય સહકાર આપવાનું ન ભૂલે.

હેમચંદ્રાચાર્યનું પોતાનું પ્રાચીન સાહિત્ય, તેના મૂળ સ્વરૂપમાં ઉપલબ્ધ હોય તે, સંશોધનપૂર્વક પ્રગટ થયું હોય તે, સઘળો સંગ્રહ એક નાના પ્રદર્શનના રૂપમાં આ પ્રસંગે ગોઠવવામાં આવે અને તેઓશ્રીની પ્રત્યેક સાહિત્યકૃતિઓનો આછો પરિચય આપતી એક ટ્રેકટ પ્રદર્શનના પ્રેક્ષકોને ગાઇડના રૂપમાં આપવામાં આવે તો આ પ્રસંગ માટે તે આવકારદાયક થઇ પડશે એમાં શક નથી.

સાહિત્ય પરિષદે પણ આ પ્રસંગે ઉત્સવના ફાળાને અંગેની કમિટિમાં જેમ કેટલાક જૈનો ગૃહસ્થોને નીમ્યા છે તેમ ઉત્સવના સાહિત્ય પ્રદેશમાં, જૈન સાહિત્યરસિકો અને વિદ્વાન મુનિમહારાજોનો નોતરવાનું ન ભૂલે. એ રીતે નોતરાતો સત્કાર જૈન જગત અવશ્ય સફળ બનાવશે.

● ● ●

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બીહારનો ધારોઃ–**

બીહાર સરકાર રીલીજીયસ એન્ડાવમેન્ટ બીલ (૧૯૩૮) પસાર કરવા માગે છે, એવા સમાચાર બહાર આવતા જૈન સમાજમાં એ સામે અણગમાની લાગણી ઉત્પન્ન થવા પામી છે.

પહેલાં તો આ ઠરાવ, નજીકના જ ભવિષ્યમાં ગુપચૂપ રીતે પસાર થવાનો છે, એવી ગેરસમજ કંઇક અંશે જન્મી હતી. પાછળથી છેલ્લા સમાચાર બહાર આવ્યા છે તે નક્કર હોય તો આગામી સપ્ટેમ્બર માસની આખર લગભગમાં આ ખરડો બીહારની ધારાસભામાં ચર્ચા માટે રજૂ થનાર છે, એમ કહેવાય છે.

ઠરાવનો ચોક્કસ ખરડો હજુ મૂળ સ્વરૂપમાં બહાર આવ્યો નથી, એટલે એની સામેનો વિરોધ પણ એટલો જ અચોક્કસ શબ્દોમાં થઈ રહ્યો છે. કલકત્તાની જૈન ધર્મ પ્રચારક સભા, તથા ત્યાંના સંઘની આગેવાન જૈન ગૃહસ્થની કમીટીએ આ ઠરાવને અંગે ઊહાપોહ શરૂ કર્યો છે અને ઠરાવનું કાચું સ્વરૂપ જે શબ્દોમાં બહાર મૂકયું છે તે પરથી ખરડાની કેટલીક વસ્તુ જરૂર જૈન-ધાર્મિક મિલ્કત ઉપર ગેરવ્યાજબી દખલ નોંધાવે તેવી છે.

(૧) પાંચ હજારથી વધારે આમદાની ધરાવનાર મંદિરો સુપીરીયર મંદિર તરીકે ગણાશે, અને એ સર્વ મંદિરોનો વહીવટ, આ ઠરાવ અનુસાર નિયુક્ત કરવામાં આવનાર સેન્ટ્રલ બોર્ડ કરશે.

બીહારમાં આવેલ પાવાપુરી આદિ અનેક તીર્થોની આમદાની પાંચ હજારથી વધારે છે. આ ઠરાવના આધારે એ દરેક તીર્થોનો વહીવટ સેન્ટ્રલ બોર્ડને આધીન બને. પણ આટલાથી એ ઠરાવ અટકતો નથી. બીજા વધુ બાધક તત્ત્વો પણ તેમાં રહ્યા હોવાનું કહેવાય છે. તે આ રહ્યા–

(૨) સેન્ટ્રલ બોર્ડ જે નિયુક્ત કરવામાં આવનાર છે તેમાં નવ મેમ્બરોની ચુંટણી થશે જે ચુંટણીનો નિયમ આ પ્રમાણે કહેવાય છે.

૨ સભ્ય લેજીસ્લેટીવ એસેમ્બલીમાંથી
૨ ,, જીલાકાના ડીસ્ટ્રીકટ બોર્ડમાંથી.
૧ ,, લેજીસ્લેટીવ કાઉન્સીલમાંથી.
૧ ,, જીલાકાની મ્યુનીસીપાલીટીમાંથી.
૩ ,, બીહાર પ્રાન્તીય હિન્દુ મહાસભામાંથી.
૧ ,, સંસ્કૃત એસોસીએશનમાંથી.
૧ ,, મઠ અગર મંદિર સમાજમાંથી.
૪ ,, સરકાર તરફથી ખાસ સત્તાની રૂએ.

એટલે કે ૧૫ સભ્યોના સેન્ટ્રલ બોર્ડમાં જૈનોને ખાસ સ્થાન આપવામાં આવેલ નથી. કદાચ એકાદ સભ્યને સ્થાન આપવામાં આવે તો પંદર સભ્યોની બહુમતિ વચ્ચે એ એક સભ્યનો અવાજ સામાન્યતઃ ગુંગળાવાનો ભય રહે છે.

આ ઉપરાંત મંદિરની આમદાની પર દોઢ ટકાનો ટેકસ, અને સેન્ટ્રલ બોર્ડ આ સરકારને, મંદિરને અંગે કંઇ ફરિયાદ કે અરજ કરવાની હોય તો તેના પર રૂ. ૨ થી રૂ. ૨૦૦ સુધીનો સ્ટેમ્પ લગાડવો, વગેરે કેટલીક કલમો પણ એટલી જ અકારી છે.

ઠરાવનો આશય ધાર્મિક મિલ્કતોની ગેરવ્યવસ્થા થતી અટકાવવાનો હોય તો તેમાં ધર્મ–સ્થાનો પર મૂકવામાં આવતો અંકુશ વધારે પડતો ગણાય. વસ્તુતઃ ધાર્મિક મિલ્કતો ખોટી રીતે વેડફાતી અટકે, તેમ જ તેની અંધાધુંધી ન ચાલે, એટલી સલામતીનો વિચાર કરી, ઠરાવને વાસ્તવિક રૂપમાં ફેરવવો ઘટે. જો આટલો વિચાર ઠરાવ ઘડતી વખતે કરવામાં આવ્યો હોત તો વિરોધનું જે આંદોલન જે આજે જન્મી રહ્યું છે તે જન્મવા ન પામત.

ઠરાવના વિરોધરૂપે કલકત્તાના આગેવાન જૈનો, જૈન ધર્મ પ્રચારક સભા અને શ્રીમતી શ્વે. કોન્ફરન્સે લડત ઉપાડી લીધી હોવાથી સત્તાવાર રિપોર્ટ રજૂ ન થાય ત્યાંસુધી વિશેષ બોલવાનું રહેતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર અને સમાલોચના

## કાવ્યાનુશાસન : વોલ્યુમ પહેલું અને બીજું

કર્તા શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય મહારાજ : પ્રકાશક શ્રી મહાવીર જૈન વિદ્યાલય : સંપાદક શ્રીયુત રસિકલાલ છોટાલાલ પારેખ : કિંમત છ રૂપીયા. મળવાનું સ્થળ પ્રકાશક, મુંબઇ, ગોવાલીયા ટેંક રોડ.

કાવ્યમીમાંસાનો આ ગ્રંથ જેમાં કે આઠ અધ્યાય, ૨૦૮ સૂત્રો અને તેના ઉપર કર્ત્તા આચાર્યમહારાજે અલંકાર ચૂડામણિ વૃત્તિ અને સાથે તે વૃત્તિ ઉપર બનાવેલ વિવેક નામનું વિવરણ પણ આપેલ છે. ગ્રંથની વિશેષ ઉપયોગિતા કરવામાં વિદ્યાર્થીઓને શિક્ષણમાં પણ સરલતા કરી આપવામાં કર્તા આચાર્યમહારાજે પોતાની સંપૂર્ણ વિદ્વત્તા વાપરી છે. આ ગ્રંથે અન્ય દર્શનોના વિદ્વાનોમાં પોતાની અસાધારણ પ્રતિભા પાડી છે. અગાઉ આ ગ્રંથ નિર્ણયસાગર પ્રેસે પ્રકટ કરેલો પરંતુ અત્યારની પદ્ધતિએ અને સરલ રીતે તેનાથી વિશેષ શુદ્ધતા તેમજ ટિપ્પણો, પાઠાંતરો, પરિશિષ્ટો સહિત સફળ પ્રકાશન થયેલ છે. સાથે સંપાદક મહાશય જેવા વિદ્વાન પુરુષને સોંપવાથી જ તે પ્રશંસાપાત્ર ગ્રંથ બનેલ છે. આ ગ્રંથને આવી રીતે તૈયાર કરવામાં બીજા ૬૯ ગ્રંથોનો આધાર લીધેલ છે. છેવટે સંપાદક રસિકલાલ ભાઇએ જે જે ગ્રંથોનો ઉપયોગ કર્યો તે બધાનો અકારાદિ ક્રમ સાથેનો સંગ્રહ અને પારિભાષિક શબ્દો વગેરેનો ઉલ્લેખ તાડપત્રની પ્રતના ટિપ્પણોની નોંધ વગેરે આપી સંપાદન કાર્ય યોગ્ય રીતે કરેલ છે. બીજા ભાગમાં ઇંગ્રેજી ગુજરાતીનો શ્રી હેમચંદ્રાચાર્ય સુધીનો ઐતિહાસિક ભાગ સંપાદક ભાઇએ આપેલો છે તે પણ યોગ્ય સ્થાને જ છે.

અલંકાર શાસ્ત્રના અભ્યાસી પ્રૉફેસર આથવલે સાહેબે બીજા અલંકારના ગ્રંથનું પૃથક્કરણ કરી આ ગ્રંથની ટીકા વિવરણને વધારે સ્પષ્ટ કરવા ટિપ્પણો આપેલા છે તેમ જ ગ્રંથની શરૂઆતમાં બનારસ હિંદુ સેન્ટ્રલ કૉલેજના આ૦ પ્રીન્સીપાલ આચાર્ય શ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવે બે બોલ લખી આ ગ્રંથની ગૌરવતામાં વૃદ્ધિ કરી છે. કિંમત યોગ્ય છે. આવા પ્રકાશનોની જરૂર છે એમ અમો માનીએ છીએ.

## પ્રવર્તક શ્રી ગીર્વાણવિજયજી મહારાજનો સ્વર્ગવાસ

પ્રવર્તકજીશ્રી ગીર્વાણવિજયજી મહારાજનો ૩૯ વર્ષની ભરયુવાનવયે ક્ષયની જીવલેણ બિમારીથી ગયા અશાડ વદિ ૧૦ના રોજ સમાધિપૂર્વક આ શહેરમાં પંચત્વ પામ્યાં છે. પ્રવર્તકજી મહારાજનો દીક્ષાપર્યાય એકવીશ વર્ષનો હતો. બાળબ્રહ્મચારી હતા. સંયમના ખપી, સરલ હૃદયી, ક્રિયાપાત્ર, શાંત સ્વભાવી હતા.

પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના શિષ્ય હતા. દિવસાનુદિવસ સંજમના ઉત્કૃષ્ટ રંગ ચડાવવા તથા જ્ઞાનાભ્યાસમાં આગળ વધવા માટે પૂજ્યપાદ આચાર્ય મહારાજનો સતત પ્રયત્ન હતો. આવા વિદ્વાન, બાળબ્રહ્મચારી, સંયમથી ખરેખર રંગાયેલા મુનિરત્નથી જૈન સમાજને ખરેખરી ખોટ પડી છે. ભાવનગર શ્રી સંઘે માંદગીમાં સારવાર, સાથેના મુનિમહારાજાઓએ વૈયાવચ્ચ અને શ્રી સંઘે અંતિમનિર્વાણ મહોત્સવ ભક્તિપૂર્વક કર્યો હતો. આવા એક મુનિપુંગવ સંયમધારી મુનિરાજના સ્વર્ગવાસથી અમો સંપૂર્ણ દિલગીર થયા છીયે અને પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ કે આ પૂજ્ય મુનિરત્નના આત્માને અખંડ–અનન્ત શાંતિ પ્રાપ્ત થાઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી મહાવીર જીવનચરિત્ર

## ( શ્રી ગુણચંદ્ર ગણિકૃત )

બાર હજાર શ્લોકપ્રમાણ મૂળ પ્રાકૃત ભાષામાં વિસ્તારપૂર્વક, સુંદર શૈલીમાં આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરળ અને સુંદર ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુક્ત સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઈન્ડીંગથી તૈયાર કરી પ્રકટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવાં પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે.

શ્રી મહાવીર પ્રભુના શાસનમાં આપણો જૈન સમાજ અત્યારે તેઓશ્રીના ઉપકાર નીચે છે. તેથી આ પ્રભુનાં જીવનચરિત્રનું મનનપૂર્વક વાંચન, પઠનપાઠન, અભ્યાસ કરવો જ જોઇએ. વધારે લખવા કરતાં અનુભવ કરવા જેવું છે. સુમારે છસેંહ પાનાનો આ ગ્રંથ મ્હોટો ખર્ચ કરી પ્રકટ કરવામાં આવેલો છે. કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

**લખોઃ-શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

# શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટનું પુસ્તક

"મહામેઘવાહન જૈન રાજા ખારવેલ" નામનો પ્રાચીન ઐતિહાસિક ગ્રંથ સુપ્રસિદ્ધ લેખક રા. સુશીલના હાથે તૈયાર થાય છે, છપાય છે. તૈયાર થયા પછી ચાલતા ધોરણ મુજબ બે વર્ષના લવાજમનું વી. પી. કરી અમારા માનવંતા ગ્રાહકોને ભેટ મોકલવામાં આવશે જે સ્વીકારી લેવા અમારી નમ્ર સુચના છે.

---

## અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ભેટ.

નીચેના ત્રણ ગ્રંથો તૈયાર થાય છે. તૈયાર થયે ચાલતા ધોરણ પ્રમાણે મોકલવામાં આવશે.

૧ **શ્રી મહાવીર જીવનચરિત્ર** ( સચિત્ર ) છસેંહ પાનાનો દલદાર ગ્રંથ રૂા. ૩-૦-૦

૨ **શ્રી આત્મકાન્તિ પ્રકાશ**—પૂજ્ય પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજનાં ભક્તિરસભર્યા વિવિધ સ્તવનો ( જેમાં મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ તથા ઉત્તમ ભોજકની કૃતિઓનો સમાવેશ થાય છે. વેચાણ માટે સીલીકે નથી )

૩. **"મહામેઘવાહન જૈન રાજા ખારવેલ"** પ્રાચીન ઐતિહાસિક જાણવા જેવી હકીકતપૂર્વક ગ્રંથ.

---

જલ્દી મંગાવો ઘણી થોડી નકલો છે. જલ્દી મંગાવો.

## શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્ર પ્રથમ પર્વ.

પ્રતાકારે તથા બુકાકારે સુંદર ટાઈપ, ઊંચા કાગળ, સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર છે. થોડી નકલો બાકી છે. કિંમત મુદ્દલથી ઓછી રૂા. ૧-૮-૦ પો. જુદું.

**બીજા પર્વથી છપાય છે.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.




એમ તો શ્રીપાલરાજાના રાસની ઘણી આવૃત્તિઓ આજ સુધીમાં જુદા જુદા પ્રકાશકોએ બહાર પાડી છે, એ છતાં, અમારા તરફથી બહાર પડેલ રાસને શા માટે શ્રેષ્ઠ સ્થાન મળ્યું તે તમો જાણો છો ?

**આ રાસમાં** નવપદજી મહારાજનું યંત્ર ખુબ શોધ કરીને રજૂ કરવામાં આવ્યું છે.

**આ રાસમાં** વાંચકોની સરળતા માટે, તેમ જ આકર્ષણ માટે ખાસ નવા ચિત્રો તૈયાર કરાવી મૂકવામાં આવેલ છે.

તેમ જ

નવપદજી મહારાજની પૂજા, દોહા, નવપદજીની ઓળીની સંપૂર્ણ વિધિ, ઉપયોગી સંગ્રહ પણ આમાં રજૂ કરવામાં આવ્યો છે, એટલે નવપદજી મહારાજની ઓળીના આરાધન સમયે, આ એક જ રાસ દરેક જાતની સગવડ પૂરી પાડે છે.

શુદ્ધ અને સારો રાસ વસાવવાની ઇચ્છાવાળા દરેક કુટુંબોમાં અમારા રાસને સ્થાન મળેલ છે. તમોએ જો આજ સુધીમાં આ રાસ ન વસાવ્યો હોય તો આજે જ મંગાવો. બીજા રાસાઓ કરતા આ રાસમાં ઘણી મહત્તા છે, અને એટલો જ તે આકર્ષક છે. મૂલ્ય પણ તેના પ્રમાણમાં નામનું જ છે.

**પાકું રેશમી પુઠું રૂા. ૨ાા :: પાકું ચાલુ પુઠું રૂા. ૨)**

**લખોઃ—જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only